RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 340 Dt. 15-06-2026 Page : 08 Price : Rs 3


આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## ઈથેનોલવાળા ઈંધણને કાનૂની મંજૂરી

### કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ ૧૦૦ ટકા ઈથેનોલ એટલે કે E100ને વાહનોના સત્તાવાર ઈંધણ તરીકે કાનૂની મંજૂરી આપતાં નિયમો પર કર્યા હસ્તાક્ષર





નવી દિલ્હી, તા.૧૪

ભારતના ઈંધણ અને ઓટોમોબાઈલ સેક્ટર માટે ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. દેશની ક્રૂડ ઓઈલ(કાચા તેલ)ની આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને પ્રદૂષણ મુક્ત પરિવહનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે એક મોટું કદમ ઉઠાવ્યું છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ ૧૦૦ ટકા ઈથેનોલ એટલે કે E100ને વાહનોના સત્તાવાર ઈંધણ તરીકે કાનૂની મંજૂરી આપતાં નિયમો પર હસ્તાક્ષર કરી દીધા છે. આ નિર્ણયથી દેશમાં ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો અને જૈવ-ઈંધણ (બાયોફ્યુઅલ) આધારિત નવી પરિવહન વ્યવસ્થાના દ્વાર ખૂલી ગયા છે.

E100ને કાનૂની મંજૂરી મળ્યા બાદ હવે વાહન ઉત્પાદક કંપનીઓએ એવા એન્જિન વિકસાવવા પર ભાર મૂકવો પડશે જે સંપૂર્ણપણે ઈથેનોલ પર ચાલી શકે. કેટલીક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓએ અગાઉથી જ ફ્લેક્સ-ફ્યુઅલ ટેક્નોલોજી ધરાવતા વાહનોના પ્રોટોટાઈપ રજૂ કરી દીધા છે, જેનું હવે મોટા પાયે ઉત્પાદન શરૂ થઈ શકશે. આ નીતિને જમીન સ્તરે સફળ બનાવવા માટે હવે પેટ્રોલ પંપો પર વિશેષ સ્ટોરેજ સુવિધાઓ, વિતરણ પ્રણાલી અને સપ્લાય નેટવર્ક વિકસાવવું પડશે. ઈથેનોલની રાસાયણિક લાક્ષણિકતાઓને કારણે સ્ટોરેજ ટેન્ક અને પાઈપલાઈનમાં જરૂરી તકનીકી ફેરફારો કરવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ચરણબદ્ધ રીતે કામ શરૂ કરશે.

આ નીતિનો સૌથી મોટો ફાયદો દેશના કૃષિ ક્ષેત્રને મળવાની આશા છે.બજારની નવી તકો: દેશમાં શેરડી, મકાઈ અને અન્ય કૃષિ ઉત્પાદનોનો મોટો હિસ્સો હવે ઈથેનોલના ઉત્પાદન માટે વાપરી શકાશે.આનાથી ખેડૂતોને પાકના વધારાના ઉત્પાદન માટે એક મોટું વૈકલ્પિક બજાર મળશે, જેનાથી ગ્રામીણ અર્થતંત્ર વધુ મજબૂત બનશે અને કૃષિ આધારિત ઉદ્યોગોનો વિકાસ થશે.

ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટા ભાગે મોંઘા આયાતી ક્રૂડ ઓઈલ પર નિર્ભર રહે છે, જેના કારણે દેશનું ઘણું વિદેશી હૂંડિયામણ બહાર વહી જાય છે. E100ના વ્યાપારી ઉપયોગથી તેલની આયાત ઘટશે અને દેશની તિજોરી પરનું ભારણ ઓછું થશે. આ ઉપરાંત, ઈથેનોલ એ પ્રમાણમાં સ્વચ્છ અને ગ્રીન ઈંધણ હોવાથી વાહનોમાંથી નીકળતા કાર્બન ઉત્સર્જન અને વાયુ પ્રદૂષણમાં મોટો ઘટાડો નોંધાશે, જે ભારતના પર્યાવરણીય લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે.

### ૧૦૭ દિવસથી ૧૩ જહાજોમાં ફસાયેલા ૫૬૨ ખલાસી

## સ્ટ્રેટ હોર્મુઝમાં ભારતીયનું મોત




મૃતક ભારતીય નાવિકના પાર્થિવ દેહને પરત લાવવાની કવાયત

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા વિવાદના કારણે હોર્મુઝ જળમાર્ગ અને ઓમાનની ખાડીમાં છેલ્લા ૧૦૭ દિવસથી ૧૩ ભારતીય ધ્વજ ધરાવતા જહાજો ફસાયેલા છે. આ જહાજો પર ૫૬૨ ભારતીય નાવિકો ભારે ભય અને અનિશ્ચિતતાના માહોલમાં જીવી રહ્યા છે. આવી ગંભીર અને તંગ સ્થિતિ વચ્ચે 'એમટી સેલેસ્ટિયલ' જહાજ પર મેડિકલ કારણોસર એક ભારતીય નાગરિક નિશાંત ઉર્થનાથનનું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે ઓમાનમાં મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે મૃતક નાવિકના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવા માટે પોતાના પ્રયાસો શરુ કરી દીધા છે.

ઓમાનમાં ભારતીય દૂતાવાસે રવિવારે એક સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે, કમનસીબે મેડિકલ કારણોસર જીવ ગુમાવનાર ભારતીય નાગરિક નિશાંત ઉર્થનાથનના પરિવારજનો અને જહાજના ક્રૂ મેમ્બર્સ સાથે દૂતાવાસ સતત સંપર્કમાં છે. નિશાંતનો પાર્થિવ દેહ હાલમાં ઓમાનના દુક્મ પોર્ટ પર એમટી સેલેસ્ટિયલ જહાજ પર રાખવામાં આવ્યો છે. દૂતાવાસ જહાજની મેનેજમેન્ટ કંપની સાથે મળીને તમામ જરૂરી કાનૂની અને વહીવટી વ્યવસ્થાઓ કરી રહ્યું છે જેથી પાર્થિવ દેહને વહેલી તકે અને સન્માનપૂર્વક સ્વદેશ લાવી શકાય.

આ સમગ્ર મામલે કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્વીટ કરીને કેન્દ્ર સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર, ૧૧ જૂનના રોજ ઓમાનમાં ફસાયેલા જહાજ પર ભારતીય સેકન્ડ ઓફિસર નિશાંત ઉર્થનાથનનું અવસાન થયું હતું. છેલ્લા બે-ત્રણ દિવસથી તેમનો પાર્થિવ દેહ ભારત પરત લાવવાની રાહ જોવાઈ રહી છે, પરંતુ મોદી સરકાર તરફથી કોઈ મદદ મળી રહી નથી. કોંગ્રેસે અત્યંત ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, નિશાંતનો દેહ ક્ષીણ થઈ રહ્યો છે અને તેમની સાથેના નાવિકો પાર્થિવ દેહને સુરક્ષિત રાખવા માટે ઠંડા પાણીની બોટલોનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નબળા ગણાવ્યા છે અને માંગ કરી છે કે સરકાર નિશાંતના પાર્થિવ દેહને સન્માનપૂર્વક વહેલી તકે ભારત લાવે. શિપિંગ મંત્રાલયના આંકડા અનુસાર આ પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદથી જ ૫૬૨ ભારતીય નાવિકો અત્યંત કપરી પરિસ્થિતિમાં ફસાયેલા છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, સ્ટ્રેટ ઓફ હોર્મુઝના પશ્ચિમ ભાગમાં ૩૨૯ નાવિકો અને ઓમાનની ખાડીમાં એટલે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝના પૂર્વ ભાગમાં ૨૩૩ નાવિકો દરિયાની અધવચ્ચે અટવાયા છે અને સુરક્ષાના ભારે જોખમ વચ્ચે પોતાના દિવસો પસાર કરી રહ્યા છે.

## અમેરિકાની ધમકી પર PM મૌન કેમ?



કેન્દ્રની વિદેશનીતિ પર રાહુલ ગાંધીનો સણસણતો પ્રહાર

નવી દિલ્હી, તા.૧૪

ઓમાન દરિયા નજીક અમેરિકી સૈન્ય કાર્યવાહીમાં ભારતીય નાવિકોના મોત અને હોર્મુઝ જળમાર્ગ અંગે અમેરિકાના તાજેતરના નિવેદનો પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો છે કે, અમેરિકાની ધમકી અને કડક સંદેશા છતાં પીએમ મોદી મૌન કેમ છે? તેમણે આક્ષેપ કર્યો કે કોઈપણ સાર્વભૌમ દેશ આવી ભાષા ક્યારેય સ્વીકારી ન શકે. રાહુલ ગાંધીની આ પ્રતિક્રિયા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર વચ્ચેની વાતચીત બાદ સામે આવી છે, જેમાં અમેરિકાએ હોર્મુઝમાં પોતાના નિર્દેશોનું પાલન કરવા પર ભાર મૂક્યો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, અમેરિકી હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત બાદ પણ અમેરિકા દ્વારા કોઈ ખેદ વ્યક્ત કરવામાં આવ્યો નથી કે માફી માંગવામાં આવી નથી. તેના બદલે અમેરિકા ભારતને આદેશો આપી રહ્યું છે. પીએમ મોદી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક આજ્ઞાકારી સેવકની જેમ આદેશો સાંભળે છે અને તેનું પાલન કરે છે. તેમણે દાવો કર્યો કે આવું નેતૃત્વ દેશના સન્માનની રક્ષા ક્યારેય કરી શકતું નથી.

આ સમગ્ર વિવાદ ત્યારે સામે આવ્યો, જ્યારે અમેરિકી વિદેશ મંત્રી માર્ક રુબીયોએ એસ. જયશંકર સાથે ફોન પર થયેલી વાતચીતમાં સ્પષ્ટ કહ્યું હતું કે, હોર્મુઝ જળમાર્ગમાં અમેરિકાની નાકાબંધીનું ઉલ્લંઘન અને ઈરાની તેલનું ગેરકાયદેસર પરિવહન સહન કરવામાં આવશે નહીં. આ પહેલા વિદેશ મંત્રી જયશંકરે ભારતીય નાવિકોના મોત પર કડક વિરોધ નોંધાવ્યો હતો અને નવી દિલ્હીમાં અમેરિકી કાર્યવાહક રાજદૂત જેસન મીક્સને પણ સમન્સ પાઠવીને સ્પષ્ટ કહ્યું હતું કે ભારતીય ક્રૂ મેમ્બર્સ વાળા જહાજો પર આવા ઘાતક હુમલા બિલકુલ સ્વીકાર્ય નથી.

રાહુલ ગાંધીએ ઓમાનના દુક્મ બંદરગાહ પર ઉભેલા એક જહાજમાં મૃત્યુ પામેલા ભારતીય નાગરિક નિશાંત ઉર્થનાથનનો મુદ્દો પણ ઉઠાવ્યો છે અને તેનો પાર્થિવ દેહ વહેલી તકે ભારત લાવવા સરકાર પાસે માંગ કરી છે. બીજી તરફ, હોર્મુઝને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ ચાલી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર ભારતીય જહાજોને નિશાન બનાવીને ડ્રોન હુમલા કરવાનો આરોપ લગાવ્યો છે, જ્યારે ઈરાને આ વાતને સદંતર નકારી કાઢી છે. આ વધતા તણાવને કારણે દરિયાઈ માર્ગે ભારતીય નાવિકોની સુરક્ષાને લઈને ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે.

### સાઉદી અરેબિયા અને UAE ને થશે અઢળક આર્થિક ફાયદા

## હોર્મુઝ ખુલશે તો ભારતને મોટી રાહત

નવી દિલ્હી, તા. ૧૪

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે તણાવ અને યુદ્ધના માહોલ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ એટલે કે હોર્મુઝ જળમાર્ગ ફરી એકવાર સમગ્ર વિશ્વની ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. દુનિયાના કુલ દરિયાઈ તેલ વેપારનો એક ખૂબ જ મોટો અને મહત્વનો હિસ્સો આ સાંકડા માર્ગથી પસાર થાય છે. આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના મતે, જો આ જળમાર્ગ સંપૂર્ણપણે ખુલ્લો અને સુરક્ષિત રહે તો સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) જેવા દેશોને અઢળક આર્થિક ફાયદાઓ થશે. આ સાથે જ ભારત, ચીન અને જાપાન જેવા મોટા ઊર્જા આયાતકાર દેશો માટે આ માર્ગ ખુલ્લો રહેવાથી તેલનો પુરવઠો એકદમ સ્થિર રહેશે અને તેમને બહુ મોટી રાહત મળશે. સાઉદી અરેબિયા અને ઞઅઊ વિશ્વના સૌથી મોટા તેલ નિકાસકારોની યાદીમાં મોખરે આવે છે, જેઓ દરરોજ લાખો બેરલ ક્રૂડ ઓઈલ આ જ માર્ગે વૈશ્વિક બજારમાં મોકલે છે. હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાથી આ બંને દેશો પોતાની સંપૂર્ણ ઉત્પાદન અને નિકાસ ક્ષમતાનો ભરપૂર ઉપયોગ કરી શકશે, જેનાથી તેમની આવકમાં જોરદાર ઉછાળો આવશે અને તેમની આર્થિક વિકાસ યોજનાઓ અત્યંત ઝડપથી આગળ વધશે.

માત્ર તેલ પરિવહન માટે જ નહીં, પરંતુ ખાડી દેશોમાં અનાજ, મશીનરી, ઈલેક્ટ્રોનિક્સ અને બાંધકામ સામગ્રી જેવી પાયાની અને જરૂરી વસ્તુઓની આયાત માટે પણ હોર્મુઝનો આ માર્ગ અત્યંત મહત્વનો છે. આ માર્ગ ખુલ્લો રહેવાથી આખી સપ્લાય ચેઈન એકદમ સામાન્ય રહેશે, જેનાથી સ્થાનિક ઉદ્યોગો અને ખાસ કરીને સાઉદી અરેબિયાના 'વિઝન ૨૦૩૦' જેવા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને સીધો અને મોટો ફાયદો થશે. જ્યારે હોર્મુઝ જળમાર્ગ સંપૂર્ણ સુરક્ષિત અને ખુલ્લો રહે છે, ત્યારે દરિયાઈ પરિવહનનું જોખમ સાવ ઘટી જાય છે. આના પરિણામે, મોટી શિપિંગ કંપનીઓના વીમા પ્રીમિયમ અને માલસામાનના ભાડાના દરો પણ નોંધપાત્ર રીતે ઓછા થાય છે. આ પરિસ્થિતિથી તેલ કંપનીઓનો નફો વધે છે અને આયાત કરવામાં આવતી અન્ય ચીજવસ્તુઓ પણ પ્રમાણમાં સસ્તી બને છે, જે સમગ્ર પ્રાદેશિક અર્થતંત્રને નવી મજબૂતી આપે છે. જો કોઈ કારણસર હોર્મુઝ લાંબો સમય બંધ રહે તો મોટા તેલ ખરીદદારો અમેરિકા, બ્રાઝિલ કે આફ્રિકા જેવા અન્ય વૈશ્વિક વિકલ્પો તરફ વળી શકે છે. તેવામાં આ માર્ગ ખુલ્લો રહેવાથી સાઉદી અને ઞઅઊ પોતાના પરંપરાગત ગ્રાહકોને કાયમ માટે જાળવી રાખી શકશે અને વૈશ્વિક બજારમાં અન્ય સ્પર્ધક દેશોની સામે પોતાની પકડ વધુ મજબૂત રાખી શકશે.

બીજી તરફ, ઞઅઊ પાસે પોતાની 'હબશન-ફુજૈરા પાઈપલાઈન' પણ છે, જે હોર્મુઝ જળમાર્ગને બાયપાસ કરીને ક્રૂડ ઓઈલને સીધું જ ઓમાનની ખાડી સુધી પહોંચાડે છે. આ અત્યાધુનિક માળખાના કારણે યુદ્ધ કે સંકટના સમયમાં પણ ઞઅઊ પોતાના તેલનો એક મોટો હિસ્સો આસાનીથી નિકાસ કરી શકે છે. જોકે, તેમ છતાં હોર્મુઝ સંપૂર્ણ ખુલવાથી તેના બિન-તેલ વેપાર સહિતની તમામ ક્ષમતાઓમાં ઘણો મોટો વધારો થાય છે.

### મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના માલશિરસ વિસ્તારમાં એક મોટી અને દુર્ઘટના

## શ્રદ્ધાળુઓની વાન કૂવામાં ખાબકી, ૧૪ મોત





સોલાપુર, તા.૧૪

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કરુણ સમાચાર સામે આવ્યા છે. દેવદર્શન કરીને ખુશી-ખુશી પોતાના ગામ પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓ માટે આ યાત્રા અંતિમ યાત્રા બની ગઈ છે. માલશિરસ વિસ્તારમાં શ્રદ્ધાળુઓથી ખીચોખીચ ભરેલી એક પિકઅપ વાન કાબૂ ગુમાવીને સીધી જ રસ્તા કિનારે આવેલા કૂવામાં ખાબકતાં ૧૪ લોકોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. આ તમામ મૃતકો પંઢરપુર વિસ્તારના રંજની ગામના રહેવાસી હોવાથી સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.


મળતી પ્રાથમિક માહિતી મુજબ, રંજની ગામના આ શ્રદ્ધાળુઓ મ્હાસવાડ ખાતે આવેલા સિદ્ધનાથ મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન પૂર્ણ કરીને જ્યારે તેઓ પિકઅપ ગાડીમાં પોતાના ગામ પરત ફરી રહ્યા હતા, ત્યારે મ્હાસવાડ-પંઢરપુર માર્ગ પર તાંડુવાડી ગામ નજીક અચાનક ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી આ વાન રસ્તાની બાજુમાં આવેલા એક કૂવામાં જઈને ખાબકી હતી.

અકસ્માતનું એક મોટું કારણ એ પણ સામે આવ્યું છે કે, રસ્તાની બિલકુલ કિનારે આવેલો આ કૂવો પાણીથી કાંઠોકાંઠ ભરેલો હતો અને તેની આસપાસ કોઈ પણ પ્રકારની સુરક્ષા રેલિંગ કે પાળી નહોતી. જેના કારણે કાબૂ બહાર ગયેલી પિકઅપ ગાડી સીધી જ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને અંદર બેઠેલા લોકોને બહાર નીકળવાની કોઈ તક જ મળી નહોતી. અકસ્માતની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકોના મોટા ટોળા ઉમટી પડ્યા હતા.કૂવામાંથી અત્યાર સુધીમાં ૮ લોકોના મૃતદેહ બહાર કાઢી લેવામાં આવ્યા છે, જેમાં ૪ મહિલાઓ અને ૪ માસૂમ બાળકોનો સમાવેશ થાય છે. આ દ્રશ્યો જોઈને ત્યાં હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી.આ ભયાનક દુર્ઘટનામાં ૧૪ લોકો કાળનો કોળિયો બની ગયા છે, જ્યારે ૨ લોકોનો આબાદ બચાવ થયો છે.અહેવાલો અનુસાર, પિકઅપ વાહનમાં તેની ક્ષમતા કરતાં વધુ એટલે કે ઓવરલોડિંગ કરીને મુસાફરો બેસાડવામાં આવ્યા હતા. માણસો ખીચોખીચ ભરેલા હોવાથી બચાવ કામગીરીમાં પણ ભારે મુશ્કેલીઓ પડી હતી. ઘટનાની ગંભીરતાને જોતાં પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને યુદ્ધના ધોરણે રાહત-બચાવ કાર્ય શરૂ કર્યું હતું. માલશિરસના સ્થાનિક ધારાસભ્ય ઉત્તમ જાનકર પણ પરિસ્થિતિની સમીક્ષા કરવા ઘટનાસ્થળે પહોંચી ગયા છે. હાલમાં પોલીસ પ્રશાસન દ્વારા અકસ્માતનો ગુનો નોંધીને તપાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હોસ્પિટલમાં ઘાયલોની સારવાર અને કૂવામાંથી કાઢવામાં આવેલા મૃતદેહોની ઓળખ કરવાની કામગીરી સમાંતર ચાલી રહી છે.

# સાયલન્ટ હીરો 'સ્વાદુપિંડ'ને મજબૂત રાખવા જાણો મહત્વ

## શરીરમાં ઈન્સ્યુલિન બનાવવાથી લઈને ખોરાક પચાવવા સુધીનું અત્યંત મહત્વનું કામ કરે છે સ્વાદુપિંડઃ જાણો તેને કાયમ માટે સ્વસ્થ રાખવાની સરળ રીતો

માનવ શરીર એક અત્યંત જટિલ અને અદભુત મશીન છે, જેના દરેક અંગનું પોતાનું આગવું મહત્વ છે. હૃદય, મગજ, કિડની અને લિવર વિશે આપણે ઘણી ચર્ચા કરીએ છીએ, પરંતુ શરીરમાં એક એવું 'સાયલન્ટ અંગ' આવેલું છે જેની જરા સરખી ખામી માણસને જીવનભરની બીમારીઓનો શિકાર બનાવી શકે છે. આ અંગ એટલે સ્વાદુપિંડ (ડ્ફક્ષભયિફત). ડાયાબિટીસ (મધુપ્રમેહ) જેવી ગંભીર બીમારીથી બચાવવામાં આ અંગનો સૌથી મોટો ફાળો છે.



સ્વાદુપિંડ એ પેટના ઉપરના ભાગમાં, જઠર (પેટ) ની બરાબર પાછળ અને નાનાં આંતરડાના શરૂઆતના ભાગ સાથે જોડાયેલી એક પાંદડા આકારની નાની ગ્રંથિ છે. તે આશરે ૬ થી ૮ ઈંચ લાંબુ હોય છે. ભલે કદમાં તે નાનું હોય, પરંતુ તેના કાર્યો શરીર માટે સંજીવની સમાન છે.

પાચનતંત્રનો મુખ્ય આધાર (Exocrine Function): આપણે જે પણ ખોરાક ખાઈએ છીએ (કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન અને ફેટ્સ), તેને પચાવવાનું કામ જઠર કે આંતરડા એકલા કરી શકતા નથી. સ્વાદુપિંડ અમુક ખાસ પ્રકારના 'પાચક રસો' (એન્ઝાઈમ્સ) ઉત્પન્ન કરે છે જે સીધા નાના આંતરડામાં ભળે છે. આ રસો કઠણ અને ભારે ખોરાકને પચવામાં સરળ બનાવે છે અને શરીરમાં પોષકતત્વોનું શોષણ કરાવે છે. જો આ એન્ઝાઈમ્સ ન બને તો ખોરાક પચે જ નહીં અને શરીરને કોઈ પોષણ મળે નહીં.

બ્લડ સુગરનું નિયંત્રણ (Endocrine Function): આ સ્વાદુપિંડનું સૌથી મહત્વનું અને જીવનરક્ષક કામ છે. સ્વાદુપિંડમાં રહેલા ખાસ કોષો (બીટા સેલ્સ) લોહીમાં 'ઈન્સ્યુલિન' (Insulin) અને 'ગ્લુકાગોન' (Glucagon) નામના હોર્મોન્સ છોડે છે.જ્યારે લોહીમાં સુગર (ગ્લુકોઝ) વધી જાય, ત્યારે ઈન્સ્યુલિન તેને કંટ્રોલમાં કરે છે. જ્યારે લોહીમાં સુગર ઘટી જાય, ત્યારે ગ્લુકાગોન સુગર લેવલને વધારે છે. જો સ્વાદુપિંડ ઈન્સ્યુલિન બનાવવાનું બંધ કરી દે કે ઓછું કરી દે, તો વ્યક્તિ ડાયાબિટીસ (Diabetes) નો શિકાર બની જાય છે.

જો સ્વાદુપિંડની કામગીરી ખોરવાય તો મુખ્યત્વે ત્રણ ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે છે. જેમાં ડાયાબિટીસ (ટાઈપ-૧ અને ટાઈપ-૨) અંતર્ગત ઈન્સ્યુલિનના અભાવે લોહીમાં સાકરનું પ્રમાણ વધવું. પેન્ક્રિઆટાઈટીસ (Pancreatitis) સ્વાદુપિંડ પર ગંભીર સોજો આવવો, જેનાથી પેટમાં અસહ્ય દુખાવો થાય છે. અને સ્વાદુપિંડનું કેન્સર (Pancreatic Cancer): આ એક અત્યંત જોખમી અને ઝડપથી ફેલાતું કેન્સર છે. સ્વાદુપિંડની બીમારીઓ જીવલેણ અને પીડાદાયક હોઈ શકે છે, પરંતુ જીવનશૈલીમાં થોડો સુધારો કરીને તેને આખી જિંદગી સ્વસ્થ રાખી શકાય છે. જેમાં આલ્કોહોલ (દારૂ) અને ધૂમ્રપાનથી સોગંદપૂર્વક અંતર રાખોઃ સ્વાદુપિંડના સોજા (પેન્ક્રિઆટાઈટીસ) અને કેન્સર પાછળનું સૌથી મોટું કારણ વધુ પડતો દારૂ અને સિગારેટ છે. આલ્કોહોલ સ્વાદુપિંડના કોષોને સીધું જ ડેમેજ કરે છે. જંક ફૂડ, મેંદો અને વધુ પડતી ખાંડ ટાળોઃ રોજ બરોજ પિઝા, બર્ગર, ડીપ-ફ્રાય કરેલો ખોરાક, બેકરી આઈટમ્સ કે કોલ્ડ ડ્રિંક્સ લેવાથી સ્વાદુપિંડ પર ઈન્સ્યુલિન બનાવવાનું ભારણ અનેકગણું વધી જાય છે. આ ભારણ લાંબા ગાળે તેને થકવી દે છે અને ડાયાબિટીસને આમંત્રણ આપે છે. ફાઈબર અને એન્ટીઓક્સીડેન્ટથી ભરપૂર આહારઃ તમારા ભોજનમાં લીલાં શાકભાજી, તાજાં ફળો, આખા અનાજ અને કઠોળનો વધુ સમાવેશ કરો. પાલક, બ્રોકોલી, લસણ, હળદર અને ખાટાં ફળો સ્વાદુપિંડને કુદરતી રીતે ડિટોક્સ (સાફ) કરવામાં મદદ કરે છે. વજન નિયંત્રણ અને નિયમિત શારીરિક શ્રમઃ સ્થૂળતા (વધારે પડતું વજન) અને પેટની ચરબી એ સ્વાદુપિંડના સૌથી મોટા દુશ્મન છે. દરરોજ ઓછામાં ઓછી ૩૦ થી ૪૦ મિનિટ ઝડપી ચાલવું, યોગાસન કે હળવી કસરત કરવાથી શરીરમાં ઈન્સ્યુલિન બરાબર કામ કરે છે. પૂરતા પ્રમાણમાં હાઈડ્રેશન (પાણી પીવું): શરીરમાં પાણીની કમી સ્વાદુપિંડની નળીઓમાં સોજો લાવી શકે છે. દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં શુદ્ધ પાણી પીવાથી સ્વાદુપિંડ યોગ્ય રીતે પાચક રસો બનાવી શકે છે. સ્વાદુપિંડ જ્યાં સુધી કામ કરે છે ત્યાં સુધી આપણે તેનો આભાર માનતા નથી, પરંતુ તે શરીરનું એવું એન્જિન છે જેને સારા ઈંધણ (આહાર) અને કાળજીની સતત જરૂર પડે છે. જો આપણે સ્વાદુપિંડનું ધ્યાન રાખીશું, તો તે આપણને ડાયાબિટીસ અને પાચનની સમસ્યાઓથી જીવનભર બચાવી રાખશે.


# આખો દિવસ રીલ્સ જોવાથી તમારું મગજ બીમાર હવે, તમને ડોપામાઇન ડિટોક્સ' જ બચાવી શકશે

## વારંવાર મોબાઈલ ફોન પર નોટિફિકેશન જોવાનું બંધ કરો. જરૂરી ન હોય ત્યાં સુધી તમારા ફોનને સાયલન્ટ મોડ પર મૂકી દો. થોડા સમય માટે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુટ્યુબથી દૂર રહો

રાજકોટ, તા.૧૪

આજકાલ, મોટાભાગના લોકો સોશિયલ મીડિયા પર ઘણો ખરો સમય વિતાવતા હોય છે. જ્યારે પણ તેમને થોડો પણ ખાલી સમય મળે છે, ત્યારે તેઓ તરત જ પોતાનો મોબાઇલ ફોન ઉપાડે છે. લોકો રીલ્સ પર કલાકો સ્ક્રોલ કરવામાં વિતાવે છે, ઘણીવાર તો તેમને સમયનો ખ્યાલ જ નથી રહેતો. કલાકો સુધી રીલ્સ જોવાથી અથવા ઘણા સમય સુધી ઓનલાઈન ગેમ્સ રમવાથી મગજ ઉત્તેજનાનું વ્યસની બની શકે છે, જેના કારણે લોકોને પોતાનું કામ કરવાનું અને વિદ્યાર્થી ઓને પોતાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની જતું હોય છે. આવા સ્ક્રીન ટાઇમની પડેલી આદતની સામે લડવા માટે ડોપામાઇન ડિટોક્સ કરવું અત્યંત જરૂરી છે.





ડોપામાઇન ડિટોક્સમાં માણસે કેટલોક સમય એ વસ્તુથી દૂર રહેવાનું હોય છે કે જે વસ્તુ તેને તાત્કાલિક આનંદ આપતી હોય. આનો અર્થ મગજને રીસેટ કરવું છે, જેથી કરીને તે ફરીથી સામાન્ય થઈને પોતાનું કામ કરી શકે. ડોપામાઇન ડિટોક્સનો અર્થ અતિશય અને બિનજરૂરી ઉત્તેજના ઘટાડવી. ડોપામાઇનને પુરી રીતે દૂર કરી શકાતું નથી, અને ન તો પુરી રીતે દૂર થવું જોઈએ, તે શરીર માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. ડોપામાઇન ટ્રિગર્સ એવી વસ્તુઓ હોય છે, કે જેને કારણે આપણે તરત જ ખુશ થઇ જઈએ છીએ, પરંતુ લાંબા ગાળે તે નુકસાનનું કારણ પણ બની શકે છે. લોકો તેમની આદતોને જોઈએ ડોપામાઇન ટ્રિગર્સને ઓળખી શકે છે. જો કોઈ આદત તમને કંટ્રોલ કરી રહી છે, તો તે ડોપામાઇન ટ્રિગર હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, સમજ્યા વિચાર્યા વિના વારંવાર કંઈક કામ કરવું, પછી પાછળથી પસ્તાવો કરવો, સમય બગાડવો અને તમારો ખુદનો તમારી પર કંટ્રોલ ન રહેવો.

ડોપામાઇન ડિટોક્સ કરવું મુશ્કેલ નથી. ધીમે ધીમે એની શરૂઆત કરો. ૨ થી ૪ કલાક માટે મોબાઇલ ફોન અને સોશિયલ મીડિયાથી દૂર રહો, પછી ધીમે ધીમે તેનો સમય વધારો. જો તમે ઇચ્છો, તો તમે અઠવાડિયામાં એકવાર નો-સ્ક્રીન ડે રાખી શકો છો.

વારંવાર મોબાઈલ ફોન પર નોટિફિકેશન જોવાનું બંધ કરો. જરૂરી ન હોય ત્યાં સુધી તમારા ફોનને સાયલન્ટ મોડ પર મૂકી દો. થોડા સમય માટે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુટ્યુબથી દૂર રહો.

નોંધઃ આ સમાચાર ફક્ત જાગૃતિ ફેલાવાના હેતુ માટે લખવામાં આવ્યા છે. આના માટે અમે ઘરેલું ઉપચાર અને સામાન્ય માહિતીનો ઉપયોગ કર્યો છે. જો તમે તમારા સ્વાસ્થ્ય અથવા ત્વચા સંબંધિત કંઈપણ વાંચો, તો તેને અપનાવતા પહેલા તમારા ફેમિલી ડોક્ટરની સલાહ અવશ્ય લો.

## શરીરની ફિલ્ટર સિસ્ટમ સમાન કિડનીને સાફ રાખવા માટે પાણી સૌથી મોટું અને સસ્તું ઔષધ : ઓછું પાણી પીવાની આદત તમને ડાયાલિસિસ સુધી પહોંચાડી શકે !

# કિડનીની ગંભીર બીમારીઓ ટાળતું પાણી

રાજકોટ, તા.૧૪

આજના દોડધામ ભર્યા જીવનમાં આપણે ઘણીવાર આપણા સ્વાસ્થ્યને જ નજરઅંદાજ કરી દઈએ છીએ, અને તેમાં પણ સૌથી વધુ અવગણના જો કોઈ વસ્તુની થતી હોય તો તે છે પૂરતા પ્રમાણમાં પાણી પીવાની. આપણે મોંઘી દવાઓ અને સપ્લીમેન્ટ્સ પાછળ હજારો રૂપિયા ખર્ચી નાખીએ છીએ, પરંતુ કુદરતે આપેલું સૌથી સસ્તું અને અમૂલ્ય ઔષધ એટલે કે 'પાણી' પીવામાં કંજૂસાહી કરીએ છીએ. મેડિકલ સાયન્સ અને નિષ્ણાત તબીબો વારંવાર ભાર મૂકીને કહે છે કે આપણા શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગોમાંના એક, 'કિડની' ને સ્વસ્થ રાખવા માટે પાણી એ સંજીવની બુટ્ટી સમાન છે.



આપણા શરીરમાં વાલના દાણાના આકારની બે કિડની આવેલી હોય છે. આ બંને કિડનીઓ ચોવીસે કલાક આપણા શરીરમાં રક્ત શુદ્ધિકરણ (ફિલ્ટર) કરવાનું અદભુત કામ કરે છે. તે લોહીમાં રહેલા કચરા, વધારાના ક્ષાર અને ઝેરી તત્વો (ટોક્સિન્સ) ને ગાળીને પેશાબ વાટે શરીરની બહાર કાઢે છે. આ આખી પ્રક્રિયાને સરળતાથી ચલાવવા માટે કિડનીને જે ઈંધણની સૌથી વધુ જરૂર પડે છે, તે પાણી છે. જો શરીરમાં પાણીનું સ્તર ઘટે તો કિડની પર કામનું ભારણ અકલ્પનીય રીતે વધી જાય છે.

જ્યારે તમે પૂરતા પ્રમાણમાં પાણી પીવો છો, ત્યારે તમારા રક્તવાહિનીઓ વિસ્તરે છે, જેનાથી રક્ત પરિભ્રમણ સરળ બને છે અને કિડની સુધી પૂરતું લોહી પહોંચે છે. પાણી શરીરમાં રહેલા ખતરનાક ટોક્સિન્સને ઓગાળી દે છે અને તેને પેશાબ મારફતે બહાર કાઢવામાં મદદ કરે છે. જો તમે ઓછું પાણી પીવો છો, તો આ કચરો અને ક્ષાર કિડનીમાં જમા થવા લાગે છે, જે સમય જતા ગંભીર બીમારીઓનું રૂપ ધારણ કરે છે.

શરીરમાં પાણીની અછત (ડિહાઈડ્રેશન) કિડની માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. પૂરતું પાણી ન પીવાથી નીચે મુજબની ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે છે. પથરી થવાનું સૌથી મોટું કારણ ઓછું પાણી પીવું છે. જ્યારે પેશાબમાં પાણીનું પ્રમાણ ઘટે છે, ત્યારે કેલ્શિયમ, ઓક્ઝેલેટ અને યુરિક એસિડ જેવા ખનીજો ભેગા થઈને સ્ફટિક (ક્રિસ્ટલ) બની જાય છે, જે ધીમે ધીમે પથરીનું રૂપ ધારણ કરે છે. પૂરતું પાણી પીવાથી આ ક્ષાર ઓગળી જાય છે અને પથરી થતી અટકે છે. પેશાબના માર્ગમાં ઈન્ફેક્શન થવું એ સામાન્ય પણ પીડાદાયક સમસ્યા છે. પાણી વધુ પીવાથી વારંવાર પેશાબ આવે છે, જેનાથી બેક્ટેરિયા શરીરમાં જમા થવાને બદલે બહાર નીકળી જાય છે. લાંબા સમય સુધી શરીરમાં પાણીની ઉણપ રહે તો કિડનીના કામ કરવાની ક્ષમતામાં કાયમી ધોરણે ઘટાડો થઈ શકે છે, જેને ક્રોનિક કિડની ડિસીઝ કહેવાય છે. આગળ જતા આ સમસ્યા કિડની ફેલ્યોર સુધી પહોંચી શકે છે.

દરેક વ્યક્તિની પાણીની જરૂરિયાત તેના વજન, ઉંમર, શારીરિક શ્રમ અને આબોહવા પર આધાર રાખે છે. છતાં, તબીબી નિષ્ણાતોના મતે સામાન્ય સ્વસ્થ પુખ્ત વ્યક્તિએ દિવસમાં ૨.૫ થી ૩ લિટર (લગભગ ૮ થી ૧૦ ગ્લાસ) પાણી પીવું જોઈએ. ગરમીના દિવસોમાં અથવા વધુ પરસેવો થાય તેવું શારીરિક કામ કરતા લોકોએ આનાથી વધુ પાણી પીવું જરૂરી છે.તમારો પેશાબ આછા પીળા રંગનો કે પાણી જેવો સાફ હોવો જોઈએ. જો તે ઘાટા પીળા રંગનો હોય, તો સમજી લેવું કે તમારું શરીર હજુ વધુ પાણી માંગી રહ્યું છે.

### પાણી પીવાની સાચી રીત કઈ છે?

માત્ર પાણી પીવું જ પૂરતું નથી, તેને યોગ્ય રીતે પીવું પણ એટલું જ જરૂરી છે. જેમાં એકસાથે ગટગટાવી જવાને બદલે આખો દિવસ થોડું-થોડું (ઘૂંટડે-ઘૂંટડે) પાણી પીવાની આદત પાડો. ઊભા રહીને પાણી પીવા કરતા હંમેશા બેસીને અને શાંતિથી પાણી પીવું જોઈએ.સવારે ઊઠીને ખાલી પેટે ૧ કે ૨ ગ્લાસ નવશેકું પાણી પીવું કિડનીના ડિટોક્સિફિકેશન (સફાઈ) માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. ફ્રિજનું એકદમ ઠંડુ પાણી પીવાને બદલે માટલાનું કે સામાન્ય તાપમાન વાળું પાણી પીવાનો આગ્રહ રાખો. તમારી કિડની તમારા શરીરની સાફ-સફાઈ કરતા એક મૌન સેવક જેવી છે. જ્યાં સુધી તે ગંભીર રીતે ડેમેજ ન થાય ત્યાં સુધી તે કોઈ મોટા લક્ષણો બતાવતી નથી. તેથી, તરસ ન લાગી હોય તો પણ સમયાંતરે પાણી પીવાની આદત કેળવો. શુદ્ધ અને પૂરતું પાણી એ જ સ્વસ્થ કિડની અને લાંબા આયુષ્યની ચાવી છે. આજે જ નિયમ લો અને તમારી કિડનીને 'પાણી' રૂપી ભેટ આપો.

# જ્વાલા ગુટ્ટાએ ડિલિવરી પછી ૬૦ લીટર બ્રેસ્ટ મિલ્કનું કર્યું દાન !

**ભારતની પ્રખ્યાત બેડમિન્ટન ખેલાડીએ જાહેર કર્યું કે તેણીએ આવું કેમ કર્યું ?**





રાજકોટ, તા.૧૪

ભારતની પ્રખ્યાત બેડમિન્ટન ખેલાડી જ્વાલા ગુટ્ટા ફરી એકવાર ચર્ચામાં છે, પરંતુ આ વખતે કારણ રમતના મેદાનની નહીં, પરંતુ તેણે કરેલા ઉમદા કાર્ય માટે છે. તેણે માતા બન્યા બાદ પ્રથમ વર્ષમાં ૬૦ લીટર સ્તન દૂધ (બ્રેસ્ટ મિલ્ક)નું દાન કર્યું છે. તેણે વ્યક્તિગત રીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ (અગાઉ ટ્વીટર) પર આ માહિતી શેર કરી, જેમાં જણાવ્યું છે કે તેણે આવું કેમ કર્યું. જ્વલાએ પોતાનીની પોસ્ટમાં જણાવ્યું કે તેણે આ ૬૦ લીટર સ્તન દૂધ ચેન્નાઈ અને હૈદરાબાદની સરકારી હોસ્પિટલોમાં મોકલ્યું. હવે તમે વિચારી રહ્યા હશો કે, આટાલા દૂધથી કેટલા બાળકોને મદદ થઈ શકે છે? જેના પર જ્વાલાએ લખ્યું, 'માત્ર ૧૦૦ મિલીલીટર (મિલી) ડોનર મિલ્કથી ૧ કિલોગ્રામના નાના બાળકને ઘણા દિવસો સુધી ખાવાનું મળી કે છે. મારો આ નાનો પ્રયાસ ગઈઈઅમાં દાખલ ડઝનબંધ બાળકોને જીવનદાન આપી શકે છે. માતાના દૂધનું દાન કરવું એ સંપૂર્ણપણે સલામત છે. હોસ્પિટલોમાં તેની સખત તપાસ કરવામાં આવે છે, અને આજના સમયમાં તેની ખૂબ જ જરૂર છે.' ગઈઈઅ (નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટ) એ હોસ્પિટલની અંદર એક વિશિષ્ટ વોર્ડ છે જ્યાં સમય પહેલા જન્મેલા (પ્રીમેચ્યોર), ખૂબ ઓછા વજનવાળા શિશુઓ અથવા ગંભીર રીતે બીમાર નવજાત શિશુઓની સંભાળ રાખવામાં આવે છે. ઘણીવાર, ડિલિવરી પછી માતાના નબળા સ્વાસ્થ્ય, ગંભીર તણાવ, કુપોષણ અથવા સમય પહેલા ડિલિવરી જેવા પરિબળોને કારણે માતાનું દૂધ તરત જ ઉતરતું નથી. આવા નાજુક સમયગાળા દરમિયાન, અન્ય માતાઓ દ્વારા દાન કરાયેલ દૂધ (ડોનર મિલ્ક) આ શિશુઓ માટે એક મહત્ત્વપૂર્ણ પુલ તરીકે કાર્ય કરે છે. તેનાથી બાળકોને શરૂઆતના દિવસોમાં જરૂરી પોષણ અને બીમારીઓ સામે લડવાની શક્તિ (ઈમ્યુનિટી) મળે છે. એક મહત્ત્વપૂર્ણ મુદ્દા પર ભાર મૂકતા જ્વાલા ગુટ્ટાએ લખ્યું કે, ડોનર મિલ્કથી પ્રીમેચ્યોર બાળકોમાં 'નેક્રોટાઇઝિંગ એન્ટરોકોલાઈટિસ' તરીકે ઓળખાતી જીવલેણ આંતરડાની સ્થિતિનું જોખમ ઘણી હદ સુધી ઘટે છે.

નેશનલ લાઇબ્રેરી ઓફ મેડિસિન (The BJM) માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, તબીબી વ્યાવસાયિકો દ્વારા સુરક્ષિત રીતે પ્રક્રિયા (પેશ્ચરાઈઝ્ડ) કરાયેલ ડોનર મિલ્ક શિશુઓ માટે ખૂબ ફાયદાકારક છે.

### ડોનર મિલ્કના ફાયદા અને ક્યા કરી શકાય મદદ

જો કોઈ શિશુને જીવનના પહેલા ૨૮ દિવસ દરમિયાન દરરોજ શરીરના વજનના કિલોગ્રામ દીઠ ૧૦ મિલી ડોનર મિલ્ક દાતા દૂધ મળે તો સેપ્સિસ (એક ખતરનાક રક્ત ચેપ) થવાનું જોખમ ખૂબ ઓછું થઈ જાય છે.સમય પહેલા જન્મેલા શિશુઓને ફેફસાની ગંભીર બીમારી (જેમ કે બ્રોન્કોપલ્મોનરી ડિસપ્લેસિયા) થવાનું જોખમ ઓછું હોય છે.અભ્યાસો દર્શાવે છે કે, શિશુઓને ફોર્મ્યુલા દૂધ પીવડાવવામાં આવે છે તેની તુલનામાં ડોનર મિલ્ક મેળવનારાઓને લગભગ ૩ દિવસ ઓછા વેન્ટિલેટર સપોર્ટની જરૂ પડે છે.ભારતમાં, 'હ્યુમન મિલ્ક બેંક એસોસિએશન ઓફ ઈન્ડિયા' નામનું એક સરકારી નેટવર્ક છે. આ સંસ્થા સ્વસ્થ, સ્તનપાન કરાવતી માતાઓ પાસેથી દૂધ એકત્રિત કરે છે, તેનું સ્ક્રિનિંગ કરે છે અને તેને સુરક્ષિત રીતે સંગ્રહિત કરે છે. જો તમે આ ઉમદા કાર્યમાં યોગદાન આપવા માંગતા હો, તો તમે આ નેટવર્ક દ્વારા અથવા આરોગ્યસંભાળ વ્યાવસાયિક (ડોક્ટર) સાથે સલાહ લઈને માતાના દૂધનું દાન કરી શકો છો.

# વિકેન્દ્રિત જિલ્લાઓના આયોજન માટે ૨૨૫૦ લાખની દરખાસ્ત

## પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા આયોજન મંડળની બેઠક






રાજકોટ તા. ૧૪

પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા આયોજન મંડળની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માટેની રૂ. ૨૨૫૦ લાખની નવી દરખાસ્તો મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લામાં તાલુકા આયોજન સમિતિ તરફથી આઠ તાલુકાના રૂપિયા ૧૩.૪૪ કરોડના ખર્ચના કુલ ૪૨૮ કામો મંજૂરી અર્થે રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં રાજકોટ તાલુકાના રૂ. ૨૦૭ લાખના ખર્ચના ૪૭ કામો, જામકંડોરણા તાલુકાના રૂ.૧૪૭ લાખના ખર્ચના ૪૧ કામો, જેતપુર તાલુકાના રૂ.૧૪૩ લાખના ખર્ચના ૫૦ કામો, લોધિકાના રૂ. ૧૪૦ લાખના ખર્ચના ૪૧ કામો, ઉપલેટાના રૂ. ૧૬૬ લાખના ખર્ચના ૪૯ કામો, વિંછીયાના રૂ. ૧૯૮ લાખના ૭૭ કામો, ધોરાજીના રૂ. ૧૪૩ લાખના ૪૩ કામો તથા જસદણના રૂ. ૨૦૦ લાખના ખર્ચના ૮૦ કામો મંજૂરી અર્થે રજૂ થયા હતા. જેને બહાલી આપવામાં આવી હતી. જ્યારે રૂ. ૮૫.૫૨ લાખના ખર્ચના ૧૮ કામો નામંજૂર થયા હતા.

જિલ્લાની છ નગરપાલિકા ભાયાવદર, જસદણ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા તરફથી કુલ મળીને રૂ. ૩૦૨ લાખના ખર્ચના ૩૫ કામો મંજૂરી અર્થે રજૂ થતાં, તેને બહાલી અપાઈ હતી. બેઠકમાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની યોજનાઓની નવી દરખાસ્તમાં જેતપુર, જસદણ તથા વિંછીયા તાલુકાના રૂ. ૧૦ લાખના ખર્ચના કુલ ૦૪ કામો મંજૂરી અર્થે રજૂ થયા હતા.

આ બેઠકમાં અગાઉ મળેલી જિલ્લા આયોજન મંડળની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. આ સાથે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન બચત રકમ સામે મંજૂર થયેલા કામોને બહાલી આપવા રજૂઆત થઈ હતી. મંત્રી દ્વારા વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઈ હેઠળના વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશ તરફથી જણાવાયું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૧૬૫૨ કામો મંજૂર થયા હતા. જેમાંથી ૯૨૫ કામો પૂર્ણ થઈ ગયા છે. ૫૦૬ કામો પ્રગતિ હેઠળ છે, જ્યારે ૨૨૧ કામો શરૂ નથી થયા. જિલ્લામાં બાકી કે શરૂ ન થયેલા કામોની વિગતવાર માહિતી મેળવીને આવાં કામો સમયસર પૂર્ણ કરવા મંત્રીશ્રીએ સૂચના આપી હતી.

આ સાથે મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વહીવટી પ્રક્રિયામાં કામોને મંજૂરી આપવાનો સમય કેમ ઘટી શકે અને કામો કેવી રીતે ઝડપથી ગ્રાઉન્ડ પર શરૂ થઈ શકે તે દિશામાં વિચારવું જોઈએ. જો કામોમાં કોઈ પ્રશ્નો આવતા હોય તો તેને ઉકેલીને વહેલાસર શરૂ કરવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે, વિકાસકામોની ગુણવત્તામાં કોઈ સમાધાન ન થવું જોઈએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ બાબતની સતત ચિંતા કરે છે, ત્યારે જિલ્લામાં હાલ ચાલી રહેલા અને નવા શરૂ થનારા કામોમાં આ બાબતનો ખ્યાલ રાખવો. આ સાથે તેમણે બાકી કામો નિયત સમયમર્યાદમાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ તકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા સાંસદ રામભાઈ મોકરિયા તરફથી બનેલા રોડ કોઈ કામ માટે ગેરકાયદે રીતે તોડી નાંખ્યા પછી સમયસર રિપેર ન થતા હોવાનો પ્રશ્ન રજૂ કર્યો હતો. જેમાં મંત્રીએ આ બાબતે તંત્રને કડક વલણ અપનાવીને દંડનીય પગલાં સહિતની કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ઉપરાંત જિલ્લામાં રોડ બની ગયા પછી વાઈડનિંગ સહિતના બાકી કામો પણ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, મેયર નેહલ શુક્લ, સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્યો સર્વ રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબહેન શાહ, તાલુકા પંચાયત તથા નગરપાલિકાના અગ્રણીઓ , મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, નિવાસી અધિક કલેક્ટર જે.એચ. બારોટ, આયોજન મંડળના નિરીક્ષકશ્રી, જિલ્લા આયોજન અધિકારી નીતિન ટોપરાણી તેમજ જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# LRDની ૧૨૭૩૩ જગ્યા સામે ૨.૪૦ લાખ ઉમેદવારોએ આપી પરીક્ષા

**અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર અને આણંદમાં યોજાઈ લેખિત કસોટી**

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગની કુલ ૧૨,૭૩૩ જગાઓ (બેન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ / હથિયારી પોલીસ કોન્સ્ટેબલ / જેલ સિપાઇ / એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ સંવર્ગની) માટે જાહેરાત ક્રમાંક ૦૪૨૦/૨૦૨૫૨૬/૧ અન્વયે આજે રવિવારે લેખિત પરીક્ષ. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા.ગાંધીનગર, ભાવનગર અને આણંદ મળી કુલ-૦૭ શહેરો ખાતે યોજવામાં આવી હતી.

આ લેખિત પરીક્ષામાં કુલ-૮૭૯ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવેલ હતી. જેમાં. શિક્ષણ વિભાગના આશરે ૧૭૦૦૦ જેટલા અને પોલીસ વિભાગના આશરે ૯૦૦૦ જેટલા અધિકારી, કર્મચારીઓ દ્વારા ફરજ બજાવવામાં આવેલ હતી. આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય એ હૈતુ દરેક જિલ્લામા પોલીસ અધિક્ષક કક્ષાએથી તથા પોલીસ કમીશ્નર વિસ્તારમા આઇ.જી.પી./ડી. આઇ.જી.પી. કક્ષાના અધિકારીઓના સીધા સુપરવિઝન હેઠળ યોજાયેલ હતી. આમ, કુલ ૧૯ જેટલા આઇ.પી.એસ. અધિકારીઓ દ્વારા સુપરવિઝન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત સમગ્ર પરીક્ષાની પ્રક્રિયાનું રેકોર્ડીંગ દરેક વર્ગખંડમાં કરાયું હતું. તેનું લાઇવ મોનીટરીંગ કરવામાં આવેલ તેમજ પરીક્ષા આપનાર દરેક



ઉમેદવારોની બાયોમેટ્રીક વેરીફીકેશન પણ કરાયું હતું. પરીક્ષામાં કુલ ૨,૬૩,૩૪૫ પૈકી. આશરે ૨.૪૦.૦૦૦ ઉમેદવારો (૯૧%) પરીક્ષા આપવા માટે હાજર રહ્યાહતા. પરીક્ષાના પ્રશ્નપત્રમાં ૨૦૦ માર્કસના એમસીકયું ટાઇપના પ્રશ્નોના જવાબો ઉપર શીટમાં આપવામાં આવ્યા હતા. સમગ્ર પરીક્ષાની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયેલ હતી. દરેક ઉમેદવારોની ઓએમઆર શીટની સ્કેનીંગની કામગીરી હાલ ચાલી રહી છે. આગામી ૨૪ કલાકમાં પરીક્ષામાં ભાગ લીધેલા તમામ ઉમેદવારોની સ્કેન કરેલ ૦૮૪૩ શીટ ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર ઓનલાઇન મુકવામાં આવશે. ઉમેદવારો પોતાની ઓએમઅર શીટ તા.૨૯/૦૬/૨૦૨૬ સુધી ડાઉનલોડ કરી શકશે. દરેક વર્ગખંડના સીસીટીવી કુટેજની પુનઃ ચકાસણી આગામી દિવસોમાં પોલીસ સીસીટીવી વ્યુંઈન્ગ ટીમો દ્વારા કરવામાં આવશે. એકંદરે શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગના અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સીધી દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરવામાં આવી હોવાનું જાહેર કરાયું છે.

# રાજ્યભરના ખેડૂતોનું ટ્રેક્ટર રેલી સાથે વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૪

ખેડૂતો ગુજરાત સરકાર સામે રોષે ભરાયા છે. આયોજન વગરની પોલિસીના કારણે ભોગવવાનો વારો ખેડૂતોનો આવી રહ્યો છે.આ કારણે ગુજરાત રાજ્યના ખેડૂતો સરકારના મેદાને પડ્યા છે.

વીજપોલ નાંખવા મામલે ખેડૂતોની મહામૂલ્યવાન જમીન હડપ કરી લેવાનો વીજ કંપનીનો કારસો તથા ખોરી દાનતને કારણે બબાલ થઈ ચૂકી છે, જેના પડઘા હવે પાટનગર શહેર ગાંધીનગરમાં પડવાના છે. ખેડૂતોના પ્રશ્નો ન ઉકેલાતા ૧૫ જુનના રોજ સવારે શાંતિપુરા સર્કલથી ગાંધીનગર સુધી એક વિશાળ ખેડૂત સત્યાગ્રહ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના અનેક જિલ્લાઓના-ગામડાંઓના ખેડૂતો જોડાશે. ૧૦૦૦થી વધારે ટ્રેક્ટર સાથે ખેડૂતો ગાંધીનગર બાજુ કુચ કરશે. આ રેલીને લઈને પોલીસે એક દિવસ પહેલા જ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દીધી છે.

સમગ્ર આંદોલન વધારે ઉગ્ર બને એવા અણસારને પગલે સરકારે વીજપોલ મુદ્દે યુદ્ધના ધોરણે વિચારણા માટે બંધબારણે બેઠક યોજી છે. છેલ્લા કેટલાક સમયથી વીજ કંપનીઓ ખેડૂતોના ખેતરમાં મસમોટી વીજલાઈન નાંખીને ખેડૂતોને હેરાન-પરેશાન કરી શકે છે. ખેડૂતોનો એવો આરોપ છે કે, ભાજપ સરકારના મંત્રી જ વીજ કંપનીઓને દબાણ કરીને કામ કરાવી રહ્યા છે. પોલીસ સુરક્ષા વચ્ચે ખેડૂતોની જમીનમાં દબાણપૂર્વક હાઈટેશન લાઈન નાખવામાં આવી રહી છે અને આ માટે વીજપોલ પણ નાંખવામાં આવી રહ્યા છે. ખાખી વર્દીના રોફને બતાવીને ખેડૂતોની સહમતી વગર આ કામ થઈ રહ્યું હોવાનો ખેડૂતોનો આક્ષેપ છે. આ કારણે ખેડૂતોને આર્થિક રીતે નુકસાન થઈ રહ્યું છે. ૧૫ જુનના રોજ ખેડૂતો વિધાનસભાનો ઘરાવો કરશે.સરકારને જગાડવાનું કામ કરશે.

ખેડૂતોની આ રેલીને કોંગ્રેસે ટેકો આપ્યો છે. રાજ્યના ૨૩ ખેડૂતો સંગઠનોએ આ રેલીને ટેકો જાહેર કરી દીધો છે. સુરત, મોરબી,રાજકોટ,સુરેન્દ્રનગર, ભાવનગર, કચ્છ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી, સૌરાષ્ટ્રમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો જોડાશે. આ ટ્રેકટર રેલીને સફળ બનાવવા માટે ગામડે ગામડે ખાટલા બેઠક યોજવામાં આવી છે. ખેડૂત આયોજકોએ સમગ્ર મામલે લડી લેવાની નીતિ અપનાવી છે. આ માહોલ વચ્ચે ગાંધીનગર પોલીસે





**વીજપોલનો વિવાદ પાટનગરમાં પડઘા પાડશે**

કોઈરીતે આ રેલીને મંજૂરી આપી નથી. વીજપોલ નાંખવા મામલે તથા હાઈટેશન લાઈન નાંખવા મામલે સરકાર કોઈ ઉકેલ નહીં લાવે તો રાજ્યભરના ખેડૂતો વધુ ઉગ્ર આંદોલનના મંડાણ કરશે. ગાંધીનગરમાં જ બેસીને આંદોલન કરશે. ખેડૂતોનો એવો પણ આક્ષેપ છે કે, વીજળી સરકારની છે અને નફો વીજકંપનીઓ ખાઈ જાય છે. ખેડૂતોને કંઈ મળતું નથી.ખેડૂત પોતાના હકની વાત કરે તો પોલીસને આગળ ધરી દેવામાં આવે છે. જે કોઈ કાળે સહન કરવામાં નહીં આવે.

ખેડૂતોનો એવો પણ આક્ષેપ છે ખેડૂતોની જમીન જે વીજલાઈન નાંખવામાં આવી રહી છે એની પાછળ કોઈ રાજકીય ઈચ્છાશક્તિ વધારે છે. આ મુદ્દે સરકાર તપાસ કરે અને યોગ્ય ઉકેલ લાવે. આ સમગ્ર રેલીને લઈને ગાંધીનગરમાં રહેલી સરકાર કેવું વલણ અપનાવે છે અને શું ઉકેલ લાવે છે એ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ સમગ્ર આંદોલન અંગે છેલ્લા કેટલાક સમયથી આયોજન પણ થઈ રહ્યું છે.

ખેડૂતોના હકને લઈને હવે કિસાન ભાઈઓએ સરકાર સામે મોરચો માંડી દીધો છે. ખાસ કરીને ખેતરમાં વીજપોલ નાંખવાના બદલે અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે એવી સરકાર પાસે ખેડૂતો માગ કરવાના છે.

# સ્વ. વિજયભાઈની સ્મૃતિમાં 'સર્વરોગ નિદાન કેમ્પ'

## સેંકડો જરૂરિયાતમંદોને મળ્યું સ્વાસ્થ્યનું સુરક્ષા કવચઃ વિજયભાઈની વંચિતો પ્રત્યેની સંવેદના કેમ્પના માધ્યમથી આજેય જીવંત છે : મંત્રી પ્રદ્યુમન વાજા

રાજકોટ, તા. ૧૪

''માનવસેવા એ જ પ્રભુસેવા'' એ માત્ર સૂત્ર નથી, પણ જ્યારે તે આચરણમાં મુકાય છે ત્યારે સમાજમાં એક અનોખી ચેતનાનો સંચાર થાય છે. આવો જ એક હૃદયસ્પર્શી માહોલ આજરોજ રાજકોટના રૈયારોડ સ્થિત ન્યુ એરા સ્કુલ ખાતે જોવા મળ્યો હતો. શ્રી વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ તથા ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (ઈખઅ) - રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'સર્વરોગ નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મંત્રી પ્રદ્યુમન વાજા અને ટ્રસ્ટના ચેરમેન અંજલિબેન રૂપાણીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય વડે કરવામાં આવી હતી.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, સ્વ.વિજયભાઈ આપણી વચ્ચે સદેહે નથી, પરંતુ તેમની વંચિતો પ્રત્યેની સંવેદના આ કેમ્પના માધ્યમથી આજે પણ જીવંત છે. જ્યારે સમાજનો છેવાડાનો માણસ માંદગીના ખાટલે હોય અને તેને નિઃશુલ્ક સારવાર તેમજ દવાઓ મળે, ત્યારે તેના ચહેરા પર આવતો સંતોષ અને આંખોની ભીનાશ એ જ સાચી ઈશ્વર ભક્તિ છે. આ ભગીરથ કાર્ય બદલ હું સ્વ.વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ અને આઈ.એમ.એ.ની ટીમને હૃદયપૂર્વક બિરદાવું છું.

સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, રાજકોટની ધરતી સેવા માટે જાણીતી છે. માંદગી માત્ર શરીર નહીં, આખા પરિવારની આર્થિક કમર તોડી નાખે છે. એવા સમયે સ્વ. વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ અને રાજકોટના તબીબોએ ભેગા મળીને આ સેવાનો જે સેતુ બાંધ્યો છે, તે અનુકરણીય છે. લોકોના આશીર્વાદ જ આ સંસ્થાની સાચી મૂડી છે અને આ આશીર્વાદ ક્યારેય એળે નહીં જાય.

મેયર નેહલ શુક્લએ શહેરના પ્રથમ નાગરિક તરીકે ગૌરવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, એક જ છત નીચે આટલા બધા નિષ્ણાત ડોક્ટરો ભેગા થઈને જ્યારે કોઈ પણ સ્વાર્થ વગર લોકોની પીડા હરવાનું કામ કરે, ત્યારે આખું રાજકોટ ધન્યતા અનુભવે છે. રાજકોટ મ.ન.પા. પણ આવા સેવાકીય કાર્યોમાં હંમેશાં ખભેથી ખભા મિલાવીને ઊભી રહેશે.







અંજલિબેન અને તેમની ટીમ જે રીતે સ્વ. વિજયભાઈના સેવાના વારસાને આગળ ધપાવી રહી છે, તે ખરેખર વંદનીય છે.

આ કેમ્પમાં ન્યૂરો-સ્પાઇન, યુરોલોજી-ગેસ્ટ્રોલોજી, જનરલ ફિઝિશિયન, એમ. ડી. ક્રિટિકલ કેર, તથા કાન, નાક અને ગળાના રોગો હાડકાં વિભાગના નિષ્ણાત તબીબોએ સેવાઓ આપી હતી. આ પ્રસંગે ધારાસભ્યો સર્વે , ભાનુબેન બાબરિયા,. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, પૂર્વ મેયર બીનાબેન આચાર્ય, અગ્રણી ઋષભ રૂપાણી, રાજેશ રૂપાણી, મેહુલ રૂપાણી, માધવભાઈ દવે, ધનસુખભાઈ ભંડેરી, નીતિનભાઈ ભારદ્વાજ, જયમનભાઈ ઉપાધ્યાય સહિત ન્યુ એરા સ્કુલના સંચાલકો, આઈએમએના તમામ પદાધિકારીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# અછત કે ષડયંત્ર ?

## પાઠ્ય પુસ્તકો મામલે પડદા પાછળ રંધાતું કંઈક હશે,પણ..



ઉનાળો હજુ કાળઝાળ છે. સુરજ દાદા આકરા મિજાજમાં છે. તેમ છતાં શાળાઓનું ઉનાળું વેકેશન પૂરું થઇ ગયું છે. સરકારી ચોપડે પભણે ગુજરાતથના સૂત્રો જોરશોરથી ગુંજે છે. વાસ્તવિકતા એ છે કે ગુજરાતના શિક્ષણમાં સરસ્વતી દેવીને બદલે લક્ષ્મીજીના સાધકો વધી ગયા છે. વિદ્યાના ધામ હવે વેપારના કેન્દ્રો બન્યા છે. આધુનિક શિક્ષણના નામે ચારેય તરફ ખર્ચાળ ખેલ ચાલી રહ્યા છે. વાલીઓ મોંઘી ફી ભરીને પણ લૂંટાઈ રહ્યા છે.

નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે પ્રતિવર્ષ પાઠ્ય પુસ્તકોની અછતનો ભારે દેકારો બોલે છે. રાજ્યમાં મોટું પાઠ્ય પુસ્તક મંડળ ચાલે છે. તેમ છતાં સમયસર અને નક્કર આયોજનનો સદંતર અભાવ જોવા મળે છે. આ વર્ષે પણ પુસ્તકોની અછતનો મુદો ભારે ગરમ થયો છે. રાજકોટ સહિત ઘણાં શહેરો અને ગામોમાં અમુક ધોરણના પુસ્તકો હજુ સુધી પહોચ્યા નથી. આ એક કડવી હકીકત છે.

જો કે સરકારમાં બેસેલા પ્રધાનો આ ગંભીર સમસ્યા સ્વીકારવા જ તૈયાર નથી. ગઈ કાલે રાજકોટ આવેલા શિક્ષણ પ્રધાને મીડિયા સામે બેધડક કહી દીધું કે ગુજરાતમાં પાઠ્ય પુસ્તકોની કોઈ અછત છે જ નહિ! આ નિવેદનથી વાલીઓમાં ભારે આશ્ચર્ય અને રોષ ફેલાયો છે. શિક્ષણ ક્ષેત્રના જાણકારો હવે મોટી શંકા કરે છે. વાસ્તવમાં આ માત્ર અછત નથી. આ એક વ્યવસ્થિત ગોઠવાયેલું ષડયંત્ર હોય તેવી પ્રબળ આશંકા છે. આ ખેલ પાછળ કોઇકને કંઇક લાભ કરાવવાનો આશય હોઈ શકે છે.

કારણ ગમે તે હોય, પણ પાઠ્ય પુસ્તક બોર્ડ સમયસર નક્કર આયોજન કરતું નથી. આ ઘોર બેદરકારીના કારણે લાખો વિદ્યાર્થીઓ ભારે પરેશાની ભોગવે છે. સરકારે આવા ઉડાઉ જવાબો આપીને પોતાની નબળાઈ છુપાવવાનું બંધ કરવું જોઈએ. સરકારે ગંભીર બનીને આ મામલે તત્કાળ ઉચ્ચ સ્તરીય તપાસ કરવી જોઈએ.

ગુનાહિત બેદરકારી રાખનાર કે પડદા પાછળ ષડયંત્ર કરનાર તત્વોને ખુલ્લા પાડવા જોઈએ. તેમને કડક સજા સુધી પહોચાડવા એ જનતાના હિતમાં છે. શિક્ષણ ક્ષેત્રે જો શુદ્ધતાથી અને તટસ્થતાથી તપાસ કરવામાં આવે તો મોટા કૌભાંડોની હારમાળા બહાર નીકળી પડે તેમ છે. વાલીઓ અને વિદ્યાર્થીઓના હિતમાં સરકારે હવે કાવાદાવા બંધ કરવા જોઇએ. તંત્રએ તાત્કાલિક દરેક વિદ્યાર્થીના હાથમાં પુસ્તકો પહોંચાડવાં જઈએ.

# ભારતની પ્રાથમિકતા માનવ આધારિત ટેકનોલોજી

## વડાપ્રધાન ફ્રાન્સમાં બોલ્યા, નવી ટેકનોલોજી વિકસાવાતી હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૧૪

નીસ શહેરમાં પઈન્ડિયા ઈનોવેટ્સથ કાર્યક્રમમાં પીએમ મોદીનું સંબોધનઃ નવી ટેકનોલોજી માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ અને સુરક્ષિત ભવિષ્ય માટે વિકસાવાતી હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૧૪

ફ્રાન્સના નીસ શહેરમાં આયોજિત ભવ્ય પઈન્ડિયા ઈનોવેટ્સથ કાર્યક્રમનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા સંયુક્ત રીતે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય મંચ પરથી વિશ્વને સંબોધતા પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભારતની પ્રાથમિકતા હંમેશા માનવ આધારિત ટેકનોલોજી રહી છે અને રહેશે. તેમણે ગર્વભેર કહ્યું કે ભારત આજે માત્ર પોતાના પૂરતું સીમિત નથી, પરંતુ નવી ટેકનોલોજી અને અદ્યતન વિચારો પર અત્યંત ઝડપી ગતિએ અને વિશાળ પાયે કામ કરી રહ્યું છે. ભારપૂર્વક જણાવતા વડાપ્રધાને કહ્યું હતું કે ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતના આ ભગીરથ પ્રયાસો ફક્ત પોતાના સ્વાર્થ કે વિકાસ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ અને આવનારી પેઢીઓના સુરક્ષિત ભવિષ્ય માટે છે.

ભારત અને ફ્રાન્સ વચ્ચેના મજબૂત સંબંધોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે એક અત્યંત ખાસ અને ઐતિહાસિક ભાગીદારી છે, જે કનેક્શન, કન્વીકશન, ઇનોવેશન અને એક સમાન વિઝન (શેર વિઝન) પર મજબૂતીથી ટકેલી છે. તેમણે ભારતના યુવાનોની અદભુત શક્તિને બિરદાવતા કહ્યું કે ભારતના યુવા ઈનોવેટર્સ આજે એવા વૈશ્વિક ઉકેલો શોધી રહ્યા છે જે સમગ્ર માનવતાને મોટો લાભ આપી શકે. આ તકે તેમણે વૈશ્વિક સમુદાય અને દુનિયાભરના ટેકનોલોજી નિષ્ણાતોને ખુલ્લું આમંત્રણ આપતા ઉમેર્યું હતું કે આવો, ભારત સાથે સહયોગ કરો અને સમગ્ર વિશ્વ માટે આધુનિક તકનીકી ઉકેલો વિકસાવવાની દિશામાં સાથે મળીને આગળ વધીએ.



દેશમાં ચાલી રહેલા વિકાસ અને સુધારાના મહાપર્વ વિશે બોલતા વડાપ્રધાને અત્યંત આત્મવિશ્વાસ સાથે ઘોષણા કરી હતી કે ભારતની આ પરિફોર્મ એક્સપ્રેસથ હવે કોઈના રોકી રોકાશે નહીં, તે અવિરતપણે ડંકાની ચોટ પર આગળ જ વધતી રહેશે. તેમણે દેશના યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપતા કહ્યું કે આગામી સમયમાં ભારતમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં હજુ પણ ઐતિહાસિક અને અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળશે. છેલ્લા ૧૨ વર્ષની સરકારની ઝળહળતી સિદ્ધિઓ વર્ણવતા તેમણે ગૌરવ સાથે કહ્યું હતું કે આ સમયગાળામાં ભારતે એક અત્યંત મજબૂત અને નવીન પ્રણાલી વિકસાવી છે, જેના જ પરિણામ સ્વરૂપ આજે ભારત સમગ્ર વિશ્વમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવતો મહાન દેશ બની ચૂક્યો છે.

# આયુષ્માન યોજનામાં મહાકૌભાંડ

## AIની મદદથી ૬૫૫ કરોડની છેતરપિંડીનો પર્દાફાશ : એક જ એક્સ-રે પર અનેક દર્દીઓના નકલી દાવા પાસ કરાવતી ૨૦૦૦થી વધુ હોસ્પિટલો સસ્પેન્ડ

નવી દિલ્હી, તા. ૧૪

: ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની મફત સારવાર માટે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી મહત્વાકાંક્ષી પઆયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથમાં કેટલીક લાલચુ હોસ્પિટલો દ્વારા આચરવામાં આવેલા એક મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) એ આધુનિક ટેકનોલોજી એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગનો ઉપયોગ કરીને દેશભરમાં નકલી મેડિકલ દાવાઓ દ્વારા આચરવામાં આવેલી કુલ ૬૫૫.૦૪ કરોડ રૂપિયાની છેતરપિંડી શોધી કાઢી છે. સરકારી તિજોરીને ચૂનો લગાવવાના આ ખેલમાં હોસ્પિટલોએ ખોટા દસ્તાવેજોના આધારે ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયા ખંખેરી લીધા હોવાનું સામે આવ્યું છે.




આ કૌભાંડની તપાસમાં અત્યંત ચોંકાવનારી વિગતો ખૂલી છે. આ યોજના હેઠળ હોસ્પિટલો દ્વારા વિવિધ દર્દીઓના નામે સાવ ખોટા અહેવાલો, બ્લડ ટેસ્ટ, એક્સ-રેથી લઈને છેક ખર્છેઈ અને ઈઝ સ્કેન સુધીના નકલી રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યા હતા. એઆઈ આધારિત ઈમેજ એનાલિટિક્સ સિસ્ટમે એવા અનેક કિસ્સાઓ શોધી કાઢ્યા છે જેમાં અલગ-અલગ દર્દીઓના દાવા પાસ કરાવવા માટે એક જ એક્સ-રે ફિલ્મનો વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો હોય. હોસ્પિટલો માત્ર સોફ્ટવેરની મદદથી એક જ એક્સ-રે કે રિપોર્ટ પર દર્દીનું નામ, આઈડી અને તારીખ બદલીને સરકારમાં સબમિટ કરી દેતી હતી. સિસ્ટમે ઈમેજ હેશિંગ અને દસ્તાવેજ વિશ્લેષણ તકનીકો દ્વારા આવી છેડછાડને તરત જ પકડી પાડી હતી. આ ઉપરાંત, એક જ દર્દીના મેડિકલ દસ્તાવેજોનો ઉપયોગ વિવિધ હોસ્પિટલોમાં દાવાઓ દાખલ કરવા માટે પણ કરવામાં આવ્યો હોવાનું જણાયું છે.

આ મહાકૌભાંડનો ભાંડો ફટ્યા બાદ નેશનલ હેલ્થ ઓથોરિટી અને સરકાર અત્યંત કડક એક્શન મોડમાં આવી ગયા છે. આ છેતરપિંડીમાં સામેલ ૨૦૨૧ જેટલી હોસ્પિટલોને આયુષ્માન ભારત યોજનાની પેનલમાંથી કાયમ માટે બહાર કાઢી મૂકવામાં (ડિ-એમ્પેનલ) આવી છે. આ ઉપરાંત અન્ય ૫૯૦ હોસ્પિટલોને સસ્પેન્ડ કરવામાં આવી છે અને ગંભીર ગેરરીતિ આચરનાર ૨૬ હોસ્પિટલો સામે પોલીસમાં ત્રઈછ પણ નોંધવામાં આવી છે. સરકારે માત્ર હોસ્પિટલોને સસ્પેન્ડ કરીને કામ પૂરું નથી કર્યું, પરંતુ લૂંટાયેલા નાણાંની વસૂલાત માટે આ કૌભાંડી હોસ્પિટલો પર ૨૬૩.૭૧ કરોડ રૂપિયાનો માતબર દંડ પણ ફટકાર્યો છે.

# ભારતની સિધ્ધિઓ ઓછી આંકતા રાહુલ

## નાણામંત્રી નિર્મલા સીતારમણના કર્યા પ્રહાર વડાપ્રધાન મોદીનો વિરોધ કરવામાં વિપક્ષના નેતા દેશની સિદ્ધિઓની પણ ટીકા કરવા લાગ્યા છે, ભારત કોઈ સંકટમાં નથીઃ નિર્મલા સીતારમણ



બેંગલુરુ,તા.૧૪

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે બેંગલુરુમાં આયોજિત પવિકસિત ભારત સંકલ્પ સમાવેશથ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા અને સણસણતા પ્રહાર કર્યા છે. ભારતની સિદ્ધિઓને ઓછી આંકવાના ગંભીર આરોપ સાથે નાણામંત્રીએ જણાવ્યું હતું કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી માત્ર પીએમ મોદીનો વિરોધ કરવાના આશયથી હવે દેશની પણ ટીકા કરવા લાગ્યા છે. નાણામંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને તમામ વૈશ્વિક પડકારો છતાં દેશ સતત અને મજબૂત પ્રગતિ કરી રહ્યો છે.

આ કાર્યક્રમને સંબોધતા નિર્મલા સીતારમણે રાહુલ ગાંધીની માનસિકતા પર કટાક્ષ કરતા ટિપ્પણી કરી હતી કે, જ્યારે પણ લોકસભામાં વિપક્ષના નેતા બોલવા ઊભા થાય છે ત્યારે તેઓ દરેક વસ્તુની માત્ર ને માત્ર ટીકા જ કરે છે. તેઓ મનમાં એવું માનીને બેઠા છે કે તેઓ સરકારને નિશાન બનાવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે તેઓ સરકારનો વિરોધ કરવામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની મહાન સિદ્ધિઓને ઓછી આંકી રહ્યા છે અને દેશનું મનોબળ તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. નાણામંત્રીએ ઉમેર્યું હતું કે કોવિડ-૧૯ જેવી ભયાનક વૈશ્વિક મહામારી અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષ જેવા મોટા સંકટ દરમિયાન પણ ભારતે જે અદભુત સફળતાઓ હાંસલ કરી છે, તેને રાહુલ ગાંધી સંપૂર્ણપણે અવગણી રહ્યા છે.

રાહુલ ગાંધીના નકારાત્મક નિવેદનોનો આકરો જવાબ આપતા નાણામંત્રીએ દેશવાસીઓને ખાતરી આપી હતી કે હાલમાં દેશમાં કોઈપણ પ્રકારની આર્થિક કે અન્ય કટોકટી નથી. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વારંવાર ખોટા દાવાઓ કરીને દેશમાં ડરનો માહોલ ઊભો કરે છે. તેઓ અવારનવાર એવી નિરાશાજનક આગાહીઓ કરે છે કે આવનારા અઠવાડિયામાં દેશમાં બધું જ તૂટી પડશે અથવા કોઈ મોટી આફત આવી પડશે, પરંતુ ભારતમાં વાસ્તવમાં આવી કોઈ જ ડરામણી પરિસ્થિતિ નથી. નિર્મલા સીતારમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત વર્ષ-દર-વર્ષે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને ઉભરી રહ્યું છે. આ માત્ર કેન્દ્ર સરકારનો કોઈ હવામાં કરેલો દાવો નથી, પરંતુ જીડીપીના સત્તાવાર આંકડાઓ અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) જેવી વૈશ્વિક સંસ્થાઓ પણ ભારતની આ ઐતિહાસિક પ્રગતિની પુષ્ટિ કરે છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## હે કાનુડા તોરી ગોવાલણ! આ રચનાનાં માધ્યમથી નરસિંહ શું કહેવા માંગે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૨૦૨૬ ને શરૂ થયે એક અઠવાડિયું થયું! પણ ગયાં વર્ષે જેવું જીવતાં હતાં એમ જ આ વર્ષે બધાં જીવે છે! વિતેલા સમયની ભૂલ ને ન દોહરાવવી જોઈએ એવો કોઈ રંજ ક્યાંય દેખાતો નથી! એનાં પરથી કહી શકાય કે સમય તો સમયની રીતે ગતિ કરે છે, એમાં આપણે કંઈ કરવાનું હોતું નથી. આમ પણ સમાજમાં એવા લોકો છે જે પોતાના જડ વલણને પરંપરા કે સંસ્કૃતિને નામે વળગી રહેલા છે, અને સર્વાંગી વિકાસ માટે બાધક બની વિકાસ ને રુંધી રહ્યા છે. હાલાકી પરિવર્તન પ્રકૃતિનો અકાટ્ય નિયમ છે! જેમ કે બીજનું અંકુરિત થવું, છોડને પર્ણ, ફૂલ, ફળ, આવવાં બધું જ ખરી જવું! વળી ઊગવું! એ જ રીતે સૂર્ય ચંદ્ર અને તારા એનાં નિશ્ચિત સમયે જ આકાશમાં દેખાવા, ઋતુ પ્રમાણે વાતાવરણ ઠંડુ ગરમ.. બાહ્ય જેમ જ આપણી અંદરની પ્રકૃતિ પણ બાળક માંથી યુવા, અને યુવા માંથી વયસ્ક, તેમજ પછી વૃદ્ધ થાય! જીવનું અહીં એક જ કાર્ય છે, કે એણે બાહ્ય અને આંતર પ્રકૃતિનું પહેરેદાર બની રક્ષણ કરવાનું, પણ જે સંપત્તિ આપણી ક્યારેય ન્હોતી, એનાં આપણે સ્વામી બની જઈએ છીએ, અને એટલે અહંકાર આવી જાય છે, જે અહંકાર આત્મ ખોજ કે દર્શન માટે બહુ મોટો ખતરો છે. નરસિંહની આવાં જ ભાવ વાળી એક રચના વિશે ચિંતન કરીશું.

** નરસિંહ મહેતા**

હે કાનુડા તોરી રે ગોવાલણ મોરલીએ લલચાણી રે
હેં કાનુડા તોરી ગોવાલણ
હરખેં મેં તો ઈંઢોણી લીધી ભરવા હાલી હું તો પાણી રે;
ગાગર ભરોંસે ગોળી લીધી આરાની હું અજાણી રે

હે કાનુડા એટલે કે કૃષ્ણ, આ ગોપી તારી મોરલીની ધૂનમાં લલચાઈને પાગલ બની છે, અને આ સંસારની મને કોઈ સમજ નથી! મેં તો હરખ ભેર ઈંઢોણી લીધી અને પાણી ભરવા નીકળી, ગાગર ગોળીના ભેદને હું જાણતી નહોતી, એટલે ગાગર સમજી મેં ગોળી લીધી! કારણકે આરાની એટલે અહીંની, અથવા આ સંસારથી સાવ હું અજાણી છું.

હેં કાનુડા તોરી ગોવાલણ
ગાય ભરોંસે ગોધાને બાંધ્યો દોહ્યાંની હું અજાણી રે;
વાછરું ભરોંસે છોકરાંને બાંધ્યા બાંધ્યા છે બહુ તાણી રે

હે કાનુડા પરણીને તો આવી ગઈ, પણ ગાય વાછરડા જેવો પ્રાથમિક તફાવત પણ હું જાણતી નથી, એટલે ગાયની બદલે મેં દોહવા માટે ગોધાને એટલે કે વાછરડું બાંધ્યું! અને વાછરુંની જગ્યાએ છોકરાંવને તાણી તાણીને બાંધ્યાં!

હેં કાનુડા તોરી ગોવાલણ
રવાઈ ભરોંસે ઘોસરું લીધું વલોવ્યાની હું અજાણી રે;
નેતરાં ભરોંસે સાડી લીધી દૂધમાં રેડયાં પાણી રે

હે કાનુડા હું આ સંસારથી સાવ અજાણી છું, દહીં વલોવવા માટે રવાઈની પાતળી દોરી ની બદલે મેં ગાય બાંધવાનું જાડું ઘોસરું લીધું! અને માખણ કાઢવા નેતરાં બદલે સાડી બાંધી.

હેં કાનુડા તોરી ગોવાલણ
ઘેલી ઘેલી મને સૌ કોઈ કહે છે ઘેલી હું રંગમાં રેથલી રે;
ભલે મળ્યા મેતા નરસિંહના સ્વામી પૂરણ પ્રીત હું પામી રે
હેં કાનુડા તોરી ગોવાલણ

હે કાનુડા આખું ગામ મને ઘેલી ઘેલી કહીને ચીડવે છે, પણ હું તો આ ભાવ રંગમાં રમમાણ થઈ ગઈ છું! અને આમ જ મને નરસિંહ મહેતા નાં સ્વામી મળ્યા અને એની પૂર્ણ પ્રીતને હું પામીને ધન્ય બની! હે કાનુડા તારી ગોવાલણ..

કવિની રચનાનાં સ્થૂળ અર્થમાં આપણે જોયું કે, કવિ આપણી આંખ આગળ દ્વાપરના ગોકુળના ગ્રામ્ય જીવનનું એ દ્રશ્ય ખડું કરી દે છે, અને એક ગોવાલણ એટલે કે ગોપીની માનસિકતાનું રસપ્રદ દર્શન રજૂ કરે છે. નરસિંહ તો કાળને ઓળંગી ગયાં હતાં, અને એણે દ્વાપરનાં એ કૃષ્ણ કામણગારા સાથે ગોપી બની વ્રજની લીલાઓ કરી હતી , એટલે ગોપી તરીકે પોતાના મનોભાવ વ્યક્ત કરતાં કહે છે કે, હે કાનુડા હું કહેવાને જ સંસારી છું, એટલે કે મારા પતિની પત્ની, ઘરના વડીલોની પૂત્રવધૂ છું, કે મારા બાળકોની માતા છું! આ બંધાજ સંસારી સંબંધો મને સંસારમાં બાંધી શકતાં નથી!; કારણ કે હું તારી પ્રીતમાં રંગાણી છું! પણ દર વખતની જેમ નરસિંહની સૂક્ષ્મ ચેતના હજી ઝીણું કાંતે છે, અને કહે છે આ રચના દ્વારા કવિ ઈશ્વર, જીવ, અને સંસાર આ ત્રિકોણની રસાકસીની વાત મુકીને જીવની ઈશ્વર પ્રત્યેની જે માધુર્ય ભક્તિ છે એનું વર્ણન કરે છે! પણ જેને કોઈ સામાન્ય જન સમજી ન શકે! અને એને ઘેલી કહે છે! આરાની અજાણી, ગોધાને બાંધ્યો, ઘોસરું, નેતરાં વગેરે ઉપમા વિશે ચિંતન કરીએ તો, જો જીવ ઈચ્છે તો એ સંસારથી અજાણી એટલે કે અલિપ્ત રહી શકે છે, ગોધાને બાંધ્યો એટલે કે ગાય દોહવા માટે ગાયની જગ્યાએ વાછરડું બાંધ્યું! એટલે કે ગાય રુપી ઈન્દ્રિયોનું દોહન કરી એને જીવવાનું હતું, પણ સંસારની અજાણી હતી એટલે વાછરડું એટલે કે ભોગ્ય પદાર્થને અથવા મમતાને જ ભક્તિ રસ માની લીધો! રવાઈ અને ઘોસરું આ ઉદાહરણ પરથી કહે છે કે જીવ ઈશ્વર સુધી પહોંચવા માટે ભક્તિના પાતળાં દોરડે પહોંચી શકે એમ હતો! પણ ઘોસરું જેવા જાડાં એટલે કે અઘરાં માધ્યમો માં અટવાઈ ગઈ! ટૂંકમાં ભક્તિમાં ભોળા ભાવે કરેલી ભૂલો જ ભગવાન સુધી દોરી જાય છે! પણ ભક્તિને નામે આપણાં આગ્રહોની આળપંપાળ આપણને સાચાં ભાવ કેન્દ્રિત ભક્તિ કરવા દેતી નથી. હજી વધુ સુક્ષ્મ દર્શન કરીએ તો કવિ આપણી પ્રતયેક ઈન્દ્રિયોને ગાયની ઉપમા આપે છે,અને ઈન્દ્રિયોથી બનતા શરીરના રક્ષણની જવાબદારી ગોવાલણ એટલે કે જીવની છે. જીવ એ પરમાત્મા શ્રીકૃષ્ણ એ જેમ ગાયોને ચારી હતી, એ રીતે ઈન્દ્રિયો રુપી ગાયને ઘાસચારો આપી પોષણ કરવાનું છે! અને તો જ જીવ પરમાત્મા રુપે કાનુડાને પામી શકે! એનાં પ્રેમમાં પાગલ બની, અને ઘેલી ઘેલી કહેવડાવી શકે! અને એને એટલે કે ઈશ્વરને કહી શકીએ કે હે ઈશ્વર હું સંસારની નથી, અને મેં ફક્ત તારા ભરોસે જ સંસારનો ભાર સ્વીકાર્યો છે! બાકી મારી સાચી ઓળખ માત્ર તારી સાથે જ છે, બાળકને બાંધ્યું એટલે કે મારી મમતાનું કેન્દ્ર માત્ર તું જ છો. જેમ રવાઈનો સાવ સુક્ષ્મ અર્થ જીવાદોરી થાય છે, એ જ રીતે નેતરાંનો એક નજર થાય છે, અને કવિ કહે છે કે સંસારીની નજરનો કોઈ ભરોસો નથી હોતો, અને એટલે મેં તો સાડી એટલે કે, મેં મારી લાજ ! જે સ્ત્રીઓ માટે ખૂબ જ મહત્વની હોય છે, એને જ તને સોંપી દીધી છે! મારાં કુટુંબની કે કુળની આબરૂ મર્યાદા બધું જ તું હવે નક્કી કરજે! કારણકે કહેવાતો આ સમાજ કે સંસારીઓ મને ઘેલી ઘેલી કહે છે, પણ હું નરસિંહ નાં સ્વામીને પામી ગઈ. આમ કવિએ ભક્ત અને ભગવાનનાં એટલે કે ગોપી અને શ્રીકૃષ્ણનાં અગમ્ય ભાવનું સુંદર નિરૂપણ કર્યુ છે, જે આપણા જેવા માટે આસાનીથી ઈશ્વર સુધી દોરી જાય છે! આપણે આ ભાવાર્થને પકડી સંસારથી અલિપ્ત રહી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# સિમકાર્ડ બ્લોક કરાવી ૮૪ લાખની ઠગાઈ

## વેપારી પરિવાર સાથે દર્શન કરવા ગયા અને પાછળથી તિજોરી ખાલી થઈ ગઈ, સી.જી. રોડના સોની વેપારી સાથેના સાયબર ફ્રોડથી ભારે ચકચાર

અમદાવાદ, તા.૧૪

શહેરમાં સાયબર ક્રાઈમનો ગ્રાફ દિવસેને દિવસે ભયજનક રીતે વધી રહ્યો છે. ડિજિટલ અરેસ્ટ કરીને ગઠિયાઓ લોકો પાસેથી લાખો અને કરોડો રૂપિયા પડાવી લેતા હોવાના બનાવો સતત સામે આવી રહ્યા છે. સાયબર ફ્રોડનો શિકાર માત્ર ટેક્નોલોજી ન જાણતા હોય એવા સામાન્ય લોકો જ નથી બની રહ્યા, પરંતુ હવે મોટા અને ચાલાક વેપારીઓ પણ તેમાં ફસાઈ રહ્યા છે. આવો જ એક અત્યંત ચોંકાવનારો કિસ્સો અમદાવાદ શહેરના સી.જી. રોડ પર આવેલી જાણીતી જ્વેલરી શોપના માલિક સાથે બન્યો છે. વેપારી ભાગ્યેશ સોનીનું સીમકાર્ડ ચાલાકીથી બ્લોક કરાવીને સાયબર ગઠિયાઓએ તેમના બેંક ખાતામાંથી ૮૪ લાખ રૂપિયા ખંખેરી લીધા છે. આ લાખો રૂપિયા જુદા-જુદા બેંક ખાતાઓમાં યુદ્ધના ધોરણે ટ્રાંસફર પણ કરી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર કેસમાં સૌથી મોટી અને આશ્ચર્યજનક વાત એ છે કે, વેપારીનું સિમકાર્ડ કોણે અને કઈ રીતે બ્લોક કરાવ્યું તેની વિગત આપવાનો ખાનગી ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરે સાફ ઈનકાર કરી દીધો છે, જેને પગલે અનેક સવાલો ઊભા થયા છે.



વેપારી ભાગ્યેશ સોનીનો જે મોબાઈલ નંબર તેમના બેંક એકાઉન્ટ સાથે લિંક હતો, બરાબર એ જ મોબાઈલ નંબર પરથી આ મોટો ફ્રોડ આચરવામાં આવ્યો હતો. તેમના મોબાઈલ પર આવતા ઓટીપી અને અન્ય મેસેજના માધ્યમથી નાણાકીય વ્યવહારો થાય છે તેવી ગુપ્ત માહિતી ગઠિયાઓ સુધી પહેલેથી જ પહોંચી ચૂકી હતી. ગત તારીખ ૩૦ના રોજ વેપારી જ્યારે પોતાના પરિવાર સાથે બહાર દર્શન કરવા અને ફરવા ગયા હતા, બરાબર એ જ સમયે અચાનક તેમના મોબાઈલમાં નેટવર્ક પકડાવાનું બંધ થઈ ગયું હતું. શરૂઆતમાં તેમણે આને કોઈ સામાન્ય ટેકનિકલ ફોલ્ટ માનીને કામ ચલાવી લીધું હતું, પરંતુ જ્યારે તેઓ અમદાવાદ પરત આવ્યા અને તપાસ કરી ત્યારે તેમને જાણવા મળ્યું કે કોઈ અજાણી વ્યક્તિ તેમનો નંબર બંધ કરવા માટે રિક્વેસ્ટ નાંખી ગઈ છે. એટલું જ નહીં, એ જૂના નંબર પર એક નવું સિમકાર્ડ પણ ગઠિયાઓએ ઈસ્યૂ કરાવી લીધું હતું. ખાનગી કંપનીનું આ સિમકાર્ડ કોણે લીધું અને કોણ વેપારીનું સિમકાર્ડ બંધ કરાવવા માટે આવ્યું હતું, તે અંગેની માહિતી આપવાનો કંપનીએ ઈન્કાર કરી દેતા મામલો ગૂંચવાયો છે. જ્યારે બેંક ખાતાની તપાસ કરવામાં આવી ત્યારે વેપારીને ખબર પડી કે પહેલી અને બીજી તારીખે કોઈ અજાણ્યા શખ્સોએ ઓટીપી મેળવીને મોટા નાણાકીય વ્યવહારો કરી નાખ્યા છે.

પોતાના બેંક એકાઉન્ટમાંથી ૮૩.૩૭ લાખની માતબર રકમ જુદા-જુદા ખાતામાં ટ્રાંસફર થઈ ગઈ હોવાની વાત જ્યારે વેપારીની સામે આવી ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ અંગે ફરિયાદ નોંધાતા હાલમાં સાયબર ક્રાઈમ પોલીસની ટીમ ટેકનિકલ એનાલિસીસના આધારે ઝીણવટભરી તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે કે આ સમગ્ર કેસમાં ગઠિયાઓએ પસિમ સ્વેપપ શૈલીનો ઉપયોગ કરીને લાખો રૂપિયા ખંખેરી લીધા છે. આ મોડસ ઓપરેન્ડીમાં ગઠિયાઓ તમારી જાણકારી વગર તમારો મોબાઈલ નંબર બીજા નવા સિમકાર્ડ પર ટ્રાંસફર કરાવી લે છે. આવો નંબર જો કોઈ ઠગ મેળવી લે તો બેંકના ઓટીપી અને અન્ય તમામ મેસેજ સીધા એમના મોબાઈલ પર જ જવા લાગે છે અને તેના આધારે તેઓ બેંકના પાસવર્ડ પણ આસાનીથી રીસેટ કરી શકે છે. પોલીસનું કહેવું છે કે જ્યારે અચાનક મોબાઈલમાં નેટવર્ક આવવાનું સાવ બંધ થઈ જાય, ઈન્ટરનેટ સર્વિસ સ્લો થઈ જાય કે અચાનક મોબાઈલ સ્ક્રીન પર માત્ર પઈમરજન્સી કોલ્સ ઓન્લીથ લખેલું આવવા લાગે, ત્યારે નાગરિકોએ ચેતી જવું જોઈએ અને સિમ સ્વેપ થયાની આશંકા રાખીને તાત્કાલિક પગલાં ભરવા જોઈએ.

સાયબર નિષ્ણાતો સલાહ આપે છે કે આવી શંકાસ્પદ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ગભરાયા વગર સૌથી પહેલાં બેંક ખાતામાંથી જે તે મોબાઈલ નંબરને યુદ્ધના ધોરણે દૂર કરાવી નવો નંબર અપડેટ કરાવી દેવો જોઈએ. તકેદારીના ભાગરૂપે થોડા સમય માટે બેંક ખાતા ફ્રીઝ કરાવી દેવા જોઈએ અને તાત્કાલિક ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરનો સંપર્ક કરવો જોઈએ.

આ ઉપરાંત જે તે ખાતાના એટીએમના પીન નંબર અને મોબાઈલ બેંકિંગના પાસવર્ડ પણ સત્વરે બદલી નાખવા હિતાવહ છે. હાલમાં આ ચકચારી કેસમાં પોલીસ વેપારીના કોલ ડિટેઈલની ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને અન્ય કઈ ટેલિકોમ કંપનીમાં સિમ સ્વિચ કરવામાં આવ્યું હતું તે જાણવા કવાયત હાથ ધરી છે. મોટાભાગે બેંક વિગતોના આધારે જ આવા વ્યવહારો થતા હોવાથી પોલીસ તે દિશામાં પણ તપાસનો ધમધમાટ ચલાવી રહી છે.



# ઓઈલ મિલના ચાલુ મશીનમાં આવી જતાં શ્રમિક મહિલાનું મોત!

## નોકરીના બીજા જ દિવસે બનેલી ઘટનાથી પરિવારમાં માતમ

રાજકોટ, તા.૧૪

રાજકોટ જિલ્લાના ગોંડલમાં આજે સવારે એક કાળજું કંપાવી નાખે તેવો અકસ્માત સર્જાયો હતો. ગોંડલના ગુંદાળા રોડ પર આવેલી પઅવની ઓઈલ મિલથની અંદર કામ કરી રહેલા એક ૫૫ વર્ષીય મહિલાનું ચાલુ મશીનમાં આવી જવાથી ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. જો કે ઘટનાની કરુણતા એ છે કે મૃતક મહિલા શારદાબેન લક્ષ્મણભાઈ ખાંટ પોતાના પરિવાર સાથે રોજીરોટીની આશાથી તેમના વતન પંચમહાલ જિલ્લાના ગોલણપુર ગામથી ગોંડલ આવ્યા હતા. જો કે આ દુર્ઘટનાએ શ્રમિક પરિવારને ઊંડા શોકની ખીણમાં નાખી દીધો હતો.

મળતી વિગતો અનુસાર, ગોંડલના ગુંદાળા રોડ પર આવેલી નઅવની ઓઈલ મિલથમાં આજે સવારે ૫૫ વર્ષીય મહિલા શારદાબેન લક્ષ્મણભાઈ ખાંટનું ચાલુ મશીનમાં કપડું આવી જતાં આવી જવાથી ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. ઘટનાની વિગતો અનુસાર, મૃતક મહિલા આજે સવારે ૭ વાગ્યા આસપાસ મિલ પર કામ કરી રહ્યા હતા. આ દરમિયાન લગભગ ૭:૩૦ વાગ્યા આસપાસ ખોળના મશીનમાં કચરો અટવાઈ ગયો હતો અને તેના કારણે મશીન બંધ ન થઈ તે માટે મૃતક મહિલાએ તે કચરો દૂર કરવા હાથથી ધક્કો માર્યો હતો. પરંતુ આ દરમિયાન તેમનું કપડું મશીનમાં આવી જતાં તેઓ ખેંચાઇ ગયા હતા અને મશીનનું જોર એટલુ હતું કે મહિલા ચગદાય ગયા હતા. આ કાળજું કંપાવનારી ઘટના આંખ સામે જોઈને અન્ય કામ કરી રહેલા શ્રમીકોએ ચીસાચીસ કરી મૂકી હતી. તરત જ મિલનો પાવર સપ્લાય રોકીને મશીન બંધ કરીને મહિલાના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. આ સમગ્ર બનાવ મિલના સીસીટીવી કેમેરામાં કેદ થયો છે અને તેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે તેમાં મૃતદેહને પોસ્ટ માર્ટમ અર્થે ખસેડીને પંચનામાં સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાની જાણ થતાંની સાથે આસપાસના કારખાનામા કામ કરતાં શ્રમીકો પણ એકઠા થઈ ગયા હતા.

આ બનાવમાં ભોગ બનનાર પરિવારની કરુણતા પણ કાળજું કંપાવી નાખે તેવી છે. કારણ કે આ મૃતક મહિલા શારદાબેનનું મૂળ વતન પંચમહાલ જિલ્લાનું ગોલણપુર ગામ છે. જો કે રોજીરોટીની આશાએ આ પરિવાર બે દિવસ પહેલા જ ગોંડલ આવ્યો હતો અને મિલની ઓરડીઓમાં રોકાયા હતા. જો કે મૃતક મહિલાએ ફેક્ટરીમાં કામ શરૂ કર્યાનો આજે બીજો જ દિવસ હતો પણ આજે સવારે ઘટેલી કાળમુખી ઘટનાએ પરિવારની ખુશીઓને માતમમાં ફેરવી નાખી હતી.

### દિલ્હીમાં મોટો રાજકીય ભૂકંપઃ મમતા બેનરજીને ફટકો

# TMC ના ૨૦ બાગી સાંસદો ઓમ બિરલાને મળ્યા

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીમાં રવિવારે એક મોટો રાજકીય ડ્રામા સર્જાયો હતો, જેમાં મમતા બેનરજીની પાર્ટી ટીએમસી (ઝખઈ) ના આશરે ૨૦ જેટલા સાંસદો બળવાખોર થઈ ગયા છે. આ તમામ નેતાઓ પહેલા ભાજપના મંત્રી ભૂપેન્દ્ર યાદવના ઘરે ગયા હતા અને ત્યાં આશરે બે કલાક સુધી મેરેથોન બેઠક કરી હતી. ત્યાર બાદ આ તમામ બળવાખોર સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે પણ મુલાકાત કરી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ તૃણમૂલ કોંગ્રેસની અંદર લાંબા સમયથી ચાલી રહેલી કલહ અને નારાજગી હવે ખુલ્લીને સામે આવી ગઈ છે. બળવાખોર સાંસદોમાં સુદીપ બંદ્યોપાધ્યાય, કાકોલી ઘોષ અને શતાબ્દી રોય જેવા મોટા અને દિગ્ગજ નામો સામેલ છે. આ જૂથે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે, તેઓ અસમ, ત્રિપુરા, બંગાળ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં અસ્તિત્વ ધરાવતી પનેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (ગઈઙ્ઈ)થ નામની પાર્ટીમાં પોતાનો વિલય કરી રહ્યા છે. તેઓ હવે આગળ જઈને ભાજપની આગેવાની હેઠળના એનડીએ (ગઉઅ) ગઠબંધનને પોતાનું પૂરું સમર્થન આપશે. આ બાગી સાંસદોની સંખ્યા બે-તૃતીયાંશથી વધુ હોવાથી તેમના પર પક્ષપલટા વિરોધી કાયદો લાગુ થશે નહીં, જે મમતા બેનરજી માટે અત્યાર સુધીનો સૌથી મોટો ફટકો મનાય છે.





બળવાખોર સાંસદોએ NCPI માં વિલયની જાહેરાત કરી NDA ને સમર્થન આપ્યું, અસલી તૃણમૂલ કોણ તેનો ફેંસલો હવે કોર્ટમાં થશે

લોકસભા સ્પીકર સાથેની મહત્વપૂર્ણ બેઠક બાદ ટીએમસીના બાગી સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે મીડિયાને જણાવ્યું હતું કે, ટીએમસીમાંથી ચૂંટાયેલા વીસ સાંસદો સ્પીકરને મળ્યા છે અને ગૃહમાં અલગ બેસવાની મંજૂરી માંગતો એક પત્ર પણ સોંપ્યો છે. આ વીસ સાંસદો તેમની કુલ સંખ્યાના બે-તૃતીયાંશથી વધારે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ નેશનલિસ્ટ સિટિઝન્સ પાર્ટી સાથે મર્જ કરી રહ્યા છે અને હવે દેશના વિકાસ માટે વડાપ્રધાનના નેતૃત્વમાં એનડીએ સાથે મળીને કામ કરશે. આ જ મામલે અન્ય દિગ્ગજ બાગી સાંસદ સુદીપ બંદ્યોપાધ્યાયે પણ હુંકાર કરતા જણાવ્યું કે, સ્પીકર પાસે તમામ હસ્તાક્ષર સહિતનું આવેદનપત્ર જમા કરાવી દેવામાં આવ્યું છે. આગામી ૨૦ જુલાઈએ લોકસભા ખુલશે તે પહેલા જ તેમનો એક અલગ બ્લોક બની જશે અને તેમને સંસદમાં અલગ દફતર પણ ફાળવવામાં આવશે. તેમણે સીધો પડકાર ફેંકતા કહ્યું કે હવે અસલી તૃણમૂલ કોંગ્રેસ કોની છે તેનો ફેંસલો કોર્ટમાં થશે અને કોર્ટનો જે પણ ચુકાદો હશે તે સૌને માન્ય રહેશે. આ રાજકીય ઉથલપાથલ મુદ્દે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ મોટો દાવો કરતા કહ્યું છે કે, ટીએમસી માત્ર એક મહિનાની અંદર જ સંપૂર્ણપણે વેરવિખેર થઈ જશે. તેમણે ઉમેર્યું કે પાર્ટીના ઘણા મોટા નેતાઓ હવે પોતાનો અલગ રસ્તો શોધી રહ્યા છે અને એક વરિષ્ઠ નેતા દિલ્હીમાં સક્રિય પણ છે. પોતાના નિવેદનમાં તેમણે ટીએમસી પર અહંકાર, ભ્રષ્ટાચાર તેમજ અત્યાચારના ગંભીર આરોપો લગાવીને પાર્ટીના ભવિષ્ય સામે મોટા સવાલો ઉભા કર્યા હતા. બીજી તરફ, આ બળવાને ડામવા માટે ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અને સંસદીય દળના નેતા અભિષેક બેનરજીએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને તાત્કાલિક પત્ર લખીને આ બાગી જૂથને કોઈ પણ પ્રકારની માન્યતા ન આપવાની માંગ કરી છે. તેમણે આગ્રહ કર્યો છે કે લોકસભામાં ટીએમસીને માત્ર તેના અધિકૃત નેતા અને વ્હીપના માધ્યમથી જ પ્રતિનિધિત્ કરનારી પાર્ટી માનવામાં આવે અને કથિત અલગ જૂથને કોઈ સુવિધા કે દરજ્જો ન અપાય.

આ સાથે જ બાગી સાંસદો પર ટીએમસીના વરિષ્ઠ નેતા સૌગત રોયે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, આ લોકો પાર્ટી છોડી ચૂક્યા છે અને જે ભાજપ સામે તેઓ લડ્યા હતા તે જ એનડીએમાં સામેલ થવું સદંતર ખોટું છે.

# ૬ મહિનામાં ૫૦ સરકારી બાબુઓ ACBની હડફેટે

## ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવાઓની પોલ ખૂલીઃ ગૃહ, પંચાયત અને મહેસૂલ વિભાગમાં લાંચનું સૌથી મોટું નેટવર્ક, કાળાં નાણાંના મોટા મગરમચ્છો બેનકાબ

રાજકોટ, તા.૧૪

ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસનના મોટા-મોટા દાવાઓ વચ્ચે એક અત્યંત વરવી અને ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી છે. સરકારી કચેરીઓમાં ટેબલ નીચેથી ચાલતો વહીવટ અટકવાનું નામ નથી લઈ રહ્યો. વર્ષ ૨૦૨૬ ના માત્ર પ્રથમ ૬ મહિનામાં જ રાજ્યના ૫૦ જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ એન્ટી કરપ્શન બ્યુરો (અઈઇ) ના છટકામાં ઝડપાઈ ચૂક્યા છે.

પોલીસ વિભાગથી લઈને પંચાયત અને મહેસૂલ સુધીના વિભાગોમાં ફેલાયેલું આ ભ્રષ્ટાચારનું ભયાનક નેટવર્ક આજે સામાન્ય જનતા માટે આશીર્વાદને બદલે શ્રાપ બની ગયું છે. ગત વર્ષે (૨૦૨૫ માં) ૧૬૪ ભ્રષ્ટાચારીઓ પકડાયા હતા, જેની સરખામણીએ આ વર્ષના ૬ મહિનાનો આંકડો સ્પષ્ટ સૂચવે છે કે લાંચિયા અધિકારીઓને કાયદાનો કે સરકારનો કોઈ જ ડર રહ્યો નથી.

ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળી જ્યારે ગાંધીનગરના ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર ઓફિસના ક્લાસ-૧ અધિકારી એ.બી. ચૌધરી રૂ. ૫ લાખની જંગી લાંચ લેતા ઝડપાયા. એસીબીની તપાસ દરમિયાન આ બાબુના ઘરમાંથી ૨.૬૪ કરોડની જ્વેલરી અને બેહિસાબી મિલકતો મળી આવી હતી! આ દર્શાવે છે કે સત્તાના જોરે કેવી કાળી કમાણી કરવામાં આવે છે. બીજી તરફ, આ દૂષણ માત્ર ઉચ્ચ અધિકારીઓ પૂરતું સીમિત નથી રહ્યું. આણંદમાં તો રક્ષક જ ભક્ષક બન્યા હોય તેમ બે મહિલા પોલીસ કર્મીઓ રૂ. ૧.૧૦ લાખની લાંચ લેતા ઝડપાઈ જતાં ભારે ચકચાર મચી ગઈ હતી. સામાન્ય માણસના જન્મના દાખલા કાઢવા હોય કે કોઈ સરકારી બીલ પાસ કરાવવું હોય, પાયાના કામોમાં પણ તલાટી અને ક્લાર્ક કક્ષાના કર્મચારીઓ ખુલ્લેઆમ પકમિશનપ માંગી રહ્યા છે.




લાંચિયા બાબુઓ સીધા પૈસા લેવાના બદલે હવે વચેટિયાઓ (ખશમમહયળયક્ષ) નો આશરો લઈ રહ્યા છે. આ છ મહિનામાં સરકારી અધિકારીઓની સાથે મદદગાર તરીકે ભૂમિકા ભજવતા ૩૬ ખાનગી વ્યક્તિઓની પણ ધરપકડ કરવામાં આવી છે. આ કિસ્સાઓમાં મોટાભાગે ગૃહ વિભાગના કેસો વધુ છે, અને આ તમામ કેસોમાં લાંચની કુલ રકમ આશરે રૂ. ૬૫ લાખથી વધુ હોવાનો અંદાજ છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શા માટે આ અધિકારીઓને પકડાવાનો ડર નથી? અઈઇ ત્યારે જ એક્શનમાં આવે છે જ્યારે કોઈ નાગરિક હિંમત કરીને ફરિયાદ કરે. પરંતુ સરકારી વિભાગોમાં પોતાનું કોઈ આંતરિક સર્વેલન્સ કે સરપ્રાઈઝ ચેકિંગ તંત્ર હોય તેવું જણાતું નથી.લાંચિયા પકડાયા પછી કોર્ટમાં નીચો કન્વિક્શન રેટ (સજાનો દર) અને ખાતાકીય શિસ્તભંગના પગલાં લેવામાં થતો વિલંબ આ ભ્રષ્ટાચારીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે.

જાગૃત નાગરિકો સરકારને સવાલ કરી રહ્યા છે કે, પ્રજા પોતાની પરસેવાની કમાણીમાંથી સરકારને પૂરેપૂરો ટેક્સ ચૂકવે છે, તો પછી રૂટિન સરકારી કામો માટે અલગથી પકમિશનપ કેમ આપવું પડે? શું સરકારી કચેરીઓમાં આંતરિક વિજિલન્સ તંત્ર માત્ર કાગળ પર જ શોભાના ગાંઠિયા સમાન છે? જ્યાં સુધી ભ્રષ્ટાચારીઓના મનમાં કાયદાનો અને નોકરી જવાનો ડર નહીં બેસે, ત્યાં સુધી એસીબીની આવી ટ્રેપ માત્ર નઆંકડાબાજીથ જ બનીને રહી જશે. સિસ્ટમ ક્યારે સાફ થશે? આ સવાલનો જવાબ સરકારે આપવો જ રહ્યો.

### કયા વિભાગમાંથી કેટલા લાંચિયા ઝડપાયા?

સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારના આંકડાઓ પર નજર કરીએ તો ગૃહ વિભાગ (પોલીસ તંત્ર) સૌથી મોખરે છે. આ બાબતે જોઈ તો ગૃહ વિભાગમાં ૧૧ કર્મચારીઓ, પંચાયત વિભાગમાં ૮ કર્મચારીઓ, શહેરી વિકાસ તંત્રોના ૭ કર્મચારીઓ, રાજ્યના અન્ય વિભાગોઃ ૭ કર્મચારીઓ. મહેસૂલ વિભાગના ૬ કર્મચારીઓ, કેન્દ્ર સરકારના વિભાગોના ૫ કર્મચારીઓ, કૃષિ અને સહકારના ૩ કર્મચારીઓ, માર્ગ અને મકાન વિભાગઃ ૧ કર્મચારી તેમજ શિક્ષણ વિભાગના ૧ કર્મચારી અને કાયદા વિભાગ ૧ કર્મચારીનો સમાવેશ થાય છે.

### આજી વસાહત એંસી ફુટ રોડ પર આંબેડકરનગરમાં બનાવ

# હમીર સાથે સંબંધ રાખવા મા-દિકરા પર હુમલો



રાજકોટ,તા.૧૪

શહેરના થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂની અદાવત અને સંબંધો રાખવા બાબતે એક યુવક અને તેની માતા પર પાડોશમાં જ રહેતા ત્રણ શખ્સોએ હિચકારો હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. હુમલામાં યુવકના જમણા પગમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. થોરાળા પોલીસે આ અંગે ત્રણ આરોપીઓ વિરૂદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ, રાજકોટના ૮૦ ફટ રોડ પર આવેલા આંબેડકરનગર શેરી નંબર ૧૪ માં રહેતા અને મજૂરી કામ કરતા કિશનભાઈ પુંજાભાઈ પરમાર (ઉ.વ. ૩૧) એ થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગઈકાલ તારીખ ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મોડી રાત્રે આશરે ૧૨:૧૫ વાગ્યાની આસપાસ કિશનભાઈ અને તેમનો મિત્ર વિજય ચાવડા પોતાની શેરીની બહાર રોડ પર બેઠા હતા.

તે દરમિયાન તેમની જ શેરીમાં રહેતો પ્રકાશ ચાવડા ત્યાં આવ્યો હતો અને કિશનને પૂછ્યું હતું કે, ''તું હમીરભાઈ મકવાણા સાથે કેમ સંબંધ રાખે છે? મારે તેની સાથે જૂનો વાંધો ચાલે છે.'' તેમ કહી પ્રકાશે અચાનક ઉશ્કેરાઈને કિશનને મોઢાના ભાગે ઢીકો મારી દીધો હતો, જેથી કિશનને મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું હતું.

પ્રકાશના હુમલાથી બચવા માટે કિશન ત્યાંથી ભાગીને પોતાના ઘરે આવી ગયો હતો અને પોતાની માતા ચંપાબેનને આ સમગ્ર બનાવની વાત કરી રહ્યો હતો. એટલી જ વારમાં પાછળ-પાછળ આરોપી પ્રકાશ ચાવડા, તેની પત્ની વૈશાલીબેન ચાવડા અને વિજય ચાવડા એમ ત્રણેય શખ્સો લાકડીઓ (ધોકા) સાથે કિશનના ઘરની ડેલીની અંદર ધસી આવ્યા હતા.

આરોપી પ્રકાશે ઘરમાં આવીને ચંપાબેનને કહ્યું કે, ''તારા દીકરા કિશનને તો માર્યો છે, હવે તારો વારો છે.'' તેમ કહી ચંપાબેનને જોરદાર ધક્કો મારતા તેઓ દીવાલ સાથે અથડાઈને નીચે પડી ગયા હતા. ત્યારબાદ પ્રકાશ અને તેની પત્ની વૈશાલીબેને નીચે પડેલા ચંપાબેનને આડેધડ ઝાપટ અને ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું.

આરોપીઓએ કિશન અને તેની માતાને બેફામ ગાળો આપવાનું શરૂ કરતા કિશને ગાળો બોલવાની ના પાડી હતી. આથી ઉશ્કેરાયેલા પ્રકાશ ચાવડા અને વિજય ચાવડાએ પોતાની પાસે રહેલા ધોકા (લાકડીઓ) વડે કિશન પર તૂટી પડચા હતા અને તેને હાથ તેમજ બંને પગના ભાગે બેરહેમીથી ધોકા ફટકાર્યા હતા. હુમલા દરમિયાન પ્રકાશે બૂમ પાડીને ધમકી આપી હતી કે, ''આજે તો તમને જાનથી મારી નાખવા છે.''

કિશનને જમણા પગના નળાના ભાગે (ગોઠણની નીચે) ધોકાનો ફટકો વાગતા ગંભીર ઈજા થઈ હતી અને તે નીચે ઢળી પડચો હતો. ચંપાબેને રાડારાડી કરતાં આસપાસના લોકો એકઠા થઈ જવાની બીકે ત્રણેય આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા.

બનાવ બન્યા બાદ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવતા કિશન અને તેની માતા ચંપાબેનને સારવાર અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં એક્સ-રે રિપોર્ટ કરાવતા તબીબોએ જણાવ્યું હતું કે કિશનને જમણા પગમાં ગોઠણની નીચે ફ્રેક્ચર થયું છે. યુવક હોસ્પિટલમાં દાખલ હોવાથી મોડી ફરિયાદ નોંધાઈ હતી.

થોરાળા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.એચ. વાળાએ હોસ્પિટલ પહોંચી કિશનની ફરિયાદના આધારે ત્રણેય આરોપીઓ પ્રકાશ ચાવડા, વૈશાલીબેન ચાવડા અને વિજય ચાવડા સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની આગળની તપાસ થોરાળા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દેવાનંદ હીરાભાઈ વાળા ચલાવી રહ્યા છે.

**ત્રણ જણા તૂટી પડ્યાઃ યુવાનને પગમાં ફ્રેક્ચરઃ થોરાળા પોલીસે ફરિયાદ દાખલ કરી**

## PCBની ટીમે ૬ લાખનો દારૂ ભરેલી કાર પકડી




**રાજસ્થાનનો શખ્સ ઝડપાયોઃ સ્થાનિક બુટલેગર વિજય સોલંકીની શોધખોળઃ ૮૦ ફૂટ રોડ પર નાયરા પેટ્રોલ પંપ પાછળ બંધ શેરીમાં દરોડો**

રાજકોટ,તા.૧૪

શહેરમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સદંતર નેસ્તનાબૂદ કરવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાના પગલે પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચએ એક મોટી સફળતા મેળવી છે. પી.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એમ. આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન એ.એસ. આઇ. મહીપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ, અને પોલીસ હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણાને એક સંયુક્ત અને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ૮૦ ફૂટ રોડ પર નાયરા પેટ્રોલ પંપ પાછળ આવેલા કારખાના વાળી બંધ શેરીમાં દરોડો પાડ્યો હતો, જ્યાં શંકાસ્પદ હાલતમાં પડેલી એક સેલટોસ કીયા કાર નંબરઃ ઋઉં-૧૩-ઈઋ-૩૧૮૯ની તલાશી લેતા તેમાંથી ઇંગ્લિશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કાર સાથે એક આરોપી સુનીલકુમાર ભગવાનારામ સાહુ (ઉં.વ. ૨૨, રહે. જૈલાતરા ગામ, સાહુઓકી ઢાની, પો.સ્ટ. દેવડા, થાના-જાબ, તા. સાંચૌર, જિ. જાલોર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે, જ્યારે રાજકોટના ચુનારાવાડ વિસ્તારમાં રહેતો સ્થાનિક બુટલેગર વિજય સોલંકીનું નામ ખુલતા તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ દરોડા દરમિયાન પોલીસે કારમાંથી વહીસ્કીની ૧૮૦ એમ.એલ.ની ૧૯૨ બોટલ કિંમત રૂા. ૩૮,૪૦૦ ની ૮૧૬ બોટલ (કિંમત રૂા. ૨,૧૬,૨૪૦ની વહીસ્કીની ૧૧૦ બોટલ કિંમત રૂા. ૨,૯૨,૫૬૦ ઈઊઊછ ના ૨૪ ટીન તેમજ વોડકાના ૪૩૨ પાઉચ કિંમત રૂા. ૪૩,૨૦૦જપ્ત કર્યા છે. આમ, પોલીસે કુલ ૨૫૬૮ નંગ બોટલ/ટીન/પાઉચ કિંમત રૂા. ૫,૯૯,૫૨૦ અને રૂા. ૫,૦૦,૦૦૦ની કિંમતની સેલટોસ કીયા કાર મળીને કુલ રૂા. ૧૦,૯૯,૫૨૦નો મુદ્દામાલ કાયદેસરની કાર્યવાહી હેઠળ જપ્ત કર્યો છે. આ સમગ્ર ઓપરેશનને સફળ બનાવવામાં પીસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા તેમજ એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ અને પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી સહિત પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને ડ્રાઈવર પોલીસ હેડ કોન્સ્ટેબલ જયેશભાઇ ગઢવીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

## અપમૃત્યુની કરૂણ ઘટનાઓઃ ૮ માસની બાળકી સહિત ૬ના અકાળે મોત



રાજકોટ,તા.૧૪

શહેર અને તાલુકામાં વિતેલા ૨૪ કલાકમાં આપઘાત, ઝેરી દવા ગટગટાવી લેવી અને અકસ્માતે પડી જવા સહિતના કારણે ૬ લોકોના અકાળે મોત નીપજ્યા હોવાના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે. આ બનાવોને પગલે મૃતકોના પરિવારોમાં ભારે આક્રંદ અને શોકનું મોજું ફરી વળ્યું છે.

કોઠારીયા રોડ પર ૮ મહિનાની બાળકીનું ભેદી મોતઃ વિવેકાનંદનગરમાં રહેતી ૮ માસની માસૂમ બાળકી આધ્યા ચેતનભાઇ પાટડીયાને સાંજે દૂધ પાઈ અને રાગીનો લોટ ખવડાવ્યા બાદ સુવડાવી દેવાઈ હતી. બાદમાં તેને જગાડવાનો પ્રયત્ન કરતા તે ઉઠી ન હતી અને મોઢામાંથી લાળ નીકળતી હતી. હોસ્પિટલ ખસેડાતા તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. જામનગર રોડ, પરશુરામ પાર્કમાં રહેતા હાર્દિકભાઈ મનીષભાઈ મણિયાર (ઉ.વ. ૨૯) નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવાર સ્તબ્ધ બની ગયો છે. સંત કબીર રોડ પર રહેતા ઘનશ્યામભાઈ વસંતલાલ મેર (ઉ.વ. ૪૦) ગત તા. ૧૧ જૂનના રોજ આજીડેમ વિસ્તારમાં કોઈ કારણોસર ઝેરી દવા પી ગયા હતા, જેમનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

તેમજ વેજા ગામના રહેવાસી અજયભાઇ રઘુભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ. ૨૬) પણ ગત ૧૧ જૂનના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી જતાં ૧૦૮ ની ટીમે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે પરસાણા નગરમાં રહેતા કાંતિભાઇ ગોવિંદભાઇ સોલંકી (ઉ.વ. ૬૫) ઓલ ઈન્ડિયા રેડિયો પાસે તક્ષશિલા સોસાયટીમાં ઝાડ કાપી રહ્યા હતા, ત્યારે અચાનક સીડી પરથી નીચે પડી જતાં માથામાં ગંભીર ઈજા થવાથી તેમનું સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે.ઉપરાંત કુવાડવા રોડ વિસ્તારના વાછકપર બેડી ગામે વસંતભાઈ બાબરીયાની વાડીએ રહેતી પારૂલબેન કનુભાઇ રાઠવા (ઉ.વ. ૨૦) નામની યુવતી વાડીમાં અચાનક બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલ લવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. પોલીસે આ તમામ બનાવો અંગે અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી કરી હતી.

### 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' અંતર્ગત રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસની કાર્યવાહી

# રિક્ષા ચાલક સહિત બે મ્યુલ એકાઉન્ટથી કમાણી કરતા'તા

### દેશભરમાંથી સાયબર ફ્રોડના લાખો રૂપિયા ખાતામાં જમા થયાઃ . ૧ લાખે ૩૦૦ રૂપિયા કમિશનઃ અત્યાર સુધીમાં ૩ લાખની કમાણી

રાજકોટ,તા.૧૪

ગુજરાત રાજયમાં સાયબર ક્રાઇમના ગુનાઓ અટકાવવા અને ફ્રોડના નાણાકીય વ્યવહારો શોધી કાઢવા માટે હાલમાં ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને એક સરાહનીય સફળતા મેળવીને સાયબર ફ્રોડના નાણાં મેળવવા માટે કમિશનથી બેંક ખાતાઓ ઉપલબ્ધ કરાવતા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે રિક્ષા ડ્રાઈવિંગ કરતા એક શખ્સ અને તેના મિત્ર સામે પૂર્વ આયોજિત કાવતરું રચી ગેરકાયદેસર આર્થિક લાભ મેળવવા અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર વિવેકકુમાર નારણદાસ કુછડીયાએ સરકાર તરફથી આ મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસની પ્રાથમિક વિગત મુજબ, ઉપલા અધિકારીઓની સૂચનાથી રાજ્યભરમાં કાર્યરત ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત સમન્વય પોર્ટલ પોર્ટલ પર ઉપલબ્ધ શંકાસ્પદ મ્યુલ બેંક ખાતાઓની ચકાસણી કરવામાં આવી રહી હતી. આ તપાસ દરમિયાન બેંક ઓફ ઈન્ડિયાનું એક શંકાસ્પદ ખાતું પોલીસના રડારમાં આવ્યું હતું.

આ બેંક ખાતું ઢઊ એન્ટરપ્રાઇઝ ના નામે હોવાનું અને તેના પ્રોપ્રાઇટર તરીકે ધર્મેન્દ્ર પ્રતાપસિંહ જેઠવા (ઉં.વ. ૪૦, ધંધો- રિક્ષા ડ્રાઈવિંગ, રહે. ગાંધીગ્રામ, ધર્મનગર, સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ, ક્વર્ટર નં. ૮૪૮, રાજકોટ) નું નામ ખૂલ્યું હતું.

પોલીસે જ્યારે આ બેંક ખાતામાં અલગ-અલગ રાજ્યોમાંથી નોંધાયેલી ગઈછૠ અરજીઓની વિગતો તપાસી, ત્યારે ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા હતા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજઃ રૂ. ૩૦,૯૮૬ના ફ્રોડ સામે આ ખાતામાં રૂ. ૨૫,૦૦,૦૦ ૨૫ લાખ ટ્રાન્સફર થયા હતા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજઃ રૂ. ૧૨,૫૦૦/- નો વ્યવહાર થયો હતો.૦૩/૧૨/૨૦૨૫ ના રોજઃ રૂ. ૮૭,૧૪,૧૦૦ ના ફ્રોડ અંતર્ગત આ ખાતામાં રૂ ૯,૭૫,૦૦૦ મેળવવામાં આવ્યા હતા. ૧૨/૧૨/૨૦૨૫ ના રોજઃ રૂ. ૨૦,૦૦,૬૩૩.૪૦ ના ફ્રોડના કનેક્શનમાં રૂ. ૮,૦૦,૦૦૦ જમા થયા હતા.




શંકાસ્પદ વ્યવહારો જણાતા સાયબર ક્રાઇમ પોલીસે ખાતાધારક ધર્મેન્દ્ર પ્રતાપસિંહ જેઠવાને પોલીસ સ્ટેશને બોલાવી કડકાઈથી પૂછપરછ કરી હતી. પૂછપરછમાં રિક્ષા ચાલકે કબૂલાત કરી હતી કે, આ બેંક ઓફ ઇન્ડિયાનું ખાતું તેણે પોતાના મિત્ર ગૌરવ મુકેશભાઈ કેશરીયા (રહે. રાજકોટ) ને ગેમિંગ તેમજ ફ્રોડના નાણાકીય વ્યવહારો કરવા માટે વાપરવા આપ્યું હતું.

ગૌરવ આ ખાતામાં ફ્રોડના નાણાં જમા તેમજ ટ્રાન્સફર કરાવતો હતો, અને તેના બદલામાં ધર્મેન્દ્ર જેઠવાને પ્રતિ એક લાખના ટ્રાન્ઝેક્શન પર અંદાજે રૂ. ૩૦૦/- કમિશન મળતું હતું. આટલું જ નહીં, ધર્મેન્દ્રએ પોતાનું બીજું બેંક ઓફ બરોડાનું ખાતું પણ ગૌરવને આ જ કામ માટે આપ્યું હતું. આ બંને ખાતાઓ મારફતે ધર્મેન્દ્ર અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૩,૦૦,૦૦ જેટલી માતબર રકમ માત્ર કમિશન પેટે મેળવી ચૂક્યો છે.


આરોપીઓએ સાયબર ફ્રોડ કે ઠગાઈથી ટ્રાન્સફર થયેલા નાણાં હોવાની સંપૂર્ણ જાણકારી હોવા છતાં, માત્ર પોતાના આર્થિક લાભ ખાતર પૂર્વ આયોજિત કાવતરું રચીને ફ્રોડ કરનારા તત્વોને બેંક ખાતાઓ ઉપલબ્ધ કરાવ્યા હતા. નાણાં ઉપાડી, ટ્રાન્સફર કરી ગેરકાયદેસર આર્થિક લાભ મેળવવાનો ગુનો સ્પષ્ટ થતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે ધર્મેન્દ્ર પ્રતાપસિંહ જેઠવા, ગૌરવ મુકેશભાઈ કેશરીયા અને તપાસમાં ખુલતા અન્ય તમામ સંડોવાયેલા ઈસમો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૭(૨) તથા ૬૧(૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર વિવેકકુમાર કુછડીયાએ પોતે હાથ ધરી છે

## રાજકોટમાં દોહીત્રીના પતિ સાથેના કલેશનો કરૂણ અંતઃ વિમલનગરમાં મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો

# વેરાવળના વિવેકે નાનાજી સસરાને પતાવી દીધા

### ઘરમાં ઘુસી વિવેક બરાડ્યો- હાલો ઊભા થાઓ, તમે મારા અને દિયાના છૂટાછેડા કરાવવામાં બહુ રસ લ્યો છો, જેથી આજે તમને બંનેને મારી નાખવા છે! પછી છરીથી તૂટી પડ્યો



**વચ્ચે પડેલા નાનીજી સાસુને પણ છરીના ઘા ઝીંકી દીધાઃ આરોપીને યુનિવર્સિટી પોલીસે સકંજામાં લીધો**

રાજકોટ,તા.૧૪

શહેરના વિમલનગર રોડ પર આવેલી એક સોસાયટીમાં મોડી રાત્રે કૌટુંબિક ઝઘડા અને મનદુઃખના કારણે એક અત્યંત ચકચારી હત્યાની ઘટના સામે આવી છે. લગ્નજીવનના વિવાદની ખાર રાખીને દિકરીના જમાઈએ મોડી રાત્રે ઘરમાં ઘૂસીને સુતેલા નાનાજી સસરા અને નાનીજી સાસુ પર છરી વડે આડેધડ ઘાતકી હુમલો કરી દીધો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ નાનાજી સસરાનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે માજી સાસુને શરીરે ઘા વાગતા તેઓ લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાને પગલે ગાંધીગ્રામ-૨ (યુનિવર્સીટી) પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદની વિગતો મુજબ, વિમલનગર શેરી નં. ૧, રાધેશ્યામ ડેરીવાળી શેરીમાં ‘‘પાર્શ્વપ્રસાદ‘‘ નામના મકાનમાં રહેતા ઈલાબેન પ્રવિણભાઈ શાહ (ઉ.વ. ૬૦) એ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઈલાબેનની દીકરી તેજલબેન જીજ્ઞેશભાઈ પટેલને તેના પતિ સાથે વાંધો હોઈ જેથી તેજલબેન અને તેણીની દીકરી દિયા ઈલબેનના ઘર નજીક અલગ ઘરમાં રહે છે. તેજલબેનની દિકરી દિયાના લગ્ન સપ્ટેમ્બર ૨૦૨૫માં ભાલકા (ગીર સોમનાથ) ખાતે રહેતા વિવેક ગૌસ્વામી સાથે થયા હતા. જોકે, લગ્ન બાદ બંને વચ્ચે વિવાદ થતાં દિયા તેના સાસરેથી પરત આવી ગઈ હતી અને ગત તા. ૧૩/૦૫/૨૬ના રોજ તેને રાજકોટ તેડી લાવવામાં આવી હતી. દિયા હોલ તેના નાનાપ્રવિણભાઇ અને નાની ઈલાબેનના ઘરે રહેતી હતી. પોતાની પત્નીને તેડી લાવવામાં અને છૂટાછેડા કરાવવામાં નાનાજી સસરા પ્રવિણભાઈ અને નાનીજી સાસુ ઈલાબેન રસ લેતા હોવાની શંકા અને ખાર રાખીને પતિ વિવેક ગૌસ્વામીએ આ લોહિયાળ ખેલ ખેલ્યો હતો.

શનિ રવિની મોડી રાત્રે આશરે દોઢથી બે વાગ્યાની આસપાસ જ્યારે ઈલાબેન અને તેમના પતિ પ્રવિણભાઈ સુંદરજીભાઈ શાહ પોતાના ઘરના ઉપરના માળે બેડરૂમમાં સુતા હતા, ત્યારે આરોપી વિવેક ગૌસ્વામી હાથમાં તીક્ષ્ણ છરો લઈને કોઈ પણ રીતે ઘરમાં ઘૂસી ગયો હતો. તે સીધો સુતેલા વૃદ્ધ દંપતીના બેડરૂમનો દરવાજો ખોલી અંદર પ્રવેશ્યો હતો અને બંનેને જગાડીને ક્રોધમાં બરાડ્યો હતો કે, ‘‘હાલો ઊભા થાઓ, તમે મારા અને દિયાના છૂટાછેડા કરાવવામાં બહુ રસ લ્યો છો, જેથી આજે તમને બંનેને મારી નાખવા છે.‘‘

આટલું બોલીને વિવેકે તુરંત જ નાનાજી સસરા પ્રવિણભાઈને જોરદાર ધક્કો મારી જમીન પર પછાડી દીધા હતા અને પોતાના હાથમાં રહેલા છરા વડે તેમના આખા શરીર પર આડેધડ ઘા મારવાનું શરૂ કર્યું હતું. પ્રવિણભાઈ લોહીલુહાણ હાલતમાં ઘરના આગળના રૂમ તરફ ભાગ્યા તો ત્યાં પણ આરોપીએ પીછો કરીને ઘા મારવાનું ચાલુ રાખ્યું હતું. પતિને બચાવવા વચ્ચે પડેલા ઈલાબેન પર પણ આરોપી વિવેકે કોઈ દયા ખાધી નહોતી. તેણે ઈલાબેનના માથાના ભાગે, ડોક પર, બંને હાથના સવબવફ અને પંજા પર છરાના અસંખ્ય ઘા ઝીંકી દીધા હતા, જેથી તેઓ બાજુમાં પડેલા સોફા પર ઢળી પડ્યા હતા.

હુમલો કર્યા બાદ આરોપી વિવેક ગૌસ્વામી છરો લઈને ત્યાંથી નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા પ્રવિણભાઈ નીચે પડી ગયા હતા અને હલનચલન બંધ થઈ ગયું હતું. દંપતીની રાડારાડ અને ચીસાચીસ સાંભળી પાડોશમાં રહેતા ટીનાભાઈ દોડી આવ્યા હતા અને તેમણે તુરંત જ મૃતકની દીકરી તેજલબેનને ફોન કરીને બોલાવી હતી. ત્યારબાદ તાત્કાલિક બે અલગ-અલગ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને લોહીલુહાણ દંપતીને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સરકારી હોસ્પિટલ ખાતે પહોંચતા જ ફરજ પરના ડોક્ટરે તપાસીને પ્રવિણભાઈ સુંદરજીભાઈ શાહને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ઈલાબેનને ગળા, હાથ, માથા, મોઢા અને ડાબા ખભાના ભાગે ઊંડા ઘા હોવાથી ડોક્ટરોએ તાત્કાલિક ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરી અસંખ્ય ટાંકા લીધા છે અને હાલ તેમની સારવાર ચાલી રહી છે આ ચકચારી ઘટનાની જાણ થતાં જ ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનનો કાફલો સિવિલ હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો.

પોલીસે હોસ્પિટલના કેમ્પમાંથી જ ભોગ બનનાર ઈલાબેનની ફરિયાદ પરથી આરોપી વિવેક ગૌસ્વામી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ હાઈપ્રોફાઈલ મર્ડર કેસની તપાસ ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ચીંતન નલીનભાઈ દવે, પીએસઆઈ વી. જી. ડોડીયાએ સંભાળી ડી સ્ટાફની મદદથી આરોપીને ઝડપી લેવાની તજવીજ કરી હતી.

---

## રાજકોટ શહેર એસઓજીનો માધાપર બેડી બાયપાસ રોડ પર દરોડો

# MD ડ્રગ્સ સાથે મોરબીના શખ્સને દબોચી લેવાયો



રાજકોટ,તા.૧૪

શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા અને ‘‘જ્અઢ ગઘ ઝઘ ઉછ્અત્રજ્જ‘ મિશન અંતર્ગત ડ્રગ્સની હેરાફેરી કે સેવન કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશનર ક્રાઇમ જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર ભરત બી. બસીયા તરફથી સૂચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી.ચૌધરીની રાહબરી હેઠળ પો.સબ.ઇન્સ. વી.વી.ધ્રાંગુ તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પો.હેડ કોન્સ. હાર્દિકસિંહ જગતસિંહ પરમાર અને પો.હેડ કોન્સ. દિગ્વિજયસિંહ કિરીટસિંહ ગોહિલને સંયુક્ત બાતમી મળી હતી કે, રાજકોટ શહેર માધાપર બેડી બાયપાસ રોડ પર, મારૂતી સુઝુકી સર્વિસ સ્ટેશન પાસે, રેલનગર તરફ જવાના રસ્તે જાહેર રોડ પર એક ઇસમ માદક પદાર્થ મેફેડ્રોન એમડીના જથ્થા સાથે ઉભો છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા, વર્ણન વાળો ઇસમ પોલીસને જોઈ ભાગવા જતા તેને કોર્ડન કરી ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની અંગઝડતી કરતા તેની પાસેથી ગેરકાયદેસર માદક પદાર્થ મેફેડ્રોનનો જથ્થો મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી રાજકોટ પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં ગઉઙ્જ એક્ટ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીની ઓળખ નરેન્દ્ર પાચાભાઈ રામોલીયા (ઉ.વ. ૩૯) તરીકે થઈ છે, જે હાલ સિરામીક સીટી બ્લોક નં. ૬૦૪, ત્રાજપર ચોકડીની બાજુમાં, મોરબી ખાતે રહે છે અને તે મૂળ રાજકોટના કોટડા સાંગાણી તાલુકાના અનીડા વાછડા ગામનો વતની છે. પોલીસ દ્વારા આરોપી પાસેથી કુલ ૧,૩૮,૪૯૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ૧,૨૬,૨૪૦ની કિંમતનું ૪૨.૦૮ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, ૧૦,૦૦૦ની કિંમતનો એક મોબાઇલ ફોન રોકડ રકમ અને એક આધાર કાર્ડનો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપી નરેન્દ્ર રામોલીયાનો ગુનાહિત ઇતિહાસ તપાસતા માલૂમ પડ્યું છે કે તે અગાઉ વર્ષ ૨૦૨૨માં જૂનાગઢના ભવનાથ પોલીસ સ્ટેશનમાં ઇ.પી.કો. કલમ ૩૮૪ (એ)(બી)(સી)(ડી), ૨૦૧ અને ૧૨૦ (બી) મુજબ ખંડણી અને ગુનાહિત કાવતરાના ગુનામાં પણ સંડોવાયેલો છે. ડ્રગ્સના જથ્થાનું પ્રાથમિક પરીક્ષણ કરી અભિપ્રાય આપવા માટે એફ.એસ.એલ. (ત્રજ્જક) અધિકારી શ્રી સમીર જોષી સાહેબ હાજર રહ્યા હતા.

આ સફળ કામગીરી કરનાર ટીમમાં પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી.ચૌધરી, પો.સબ.ઇન્સ. વી.વી.ધ્રાંગુ, એ.એસ.આઇ. ઇન્દ્રસિંહ જાડેજા, એ.એસ.આઇ. ફિરોજભાઈ રાઠોડ, એ.એસ. આઇ. અરૂણભાઈ બાંભણીયા, પો.હેડ કોન્સ. મૌલિકભાઈ સાવલીયા, પો.હેડ કોન્સ. દિગ્વિજયસિંહ ગોહિલ, પો.હેડ કોન્સ. હાર્દિકસિંહ પરમાર, પો.કોન્સ. યોગેન્દ્રસિંહ ઝાલા, પો.કોન્સ. હરદેવસિંહ વાળા, મહિલા પો.કોન્સ. મોનાબેન બુસા તેમજ ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા અને નિર્મળસિંહ જયેન્દ્રસિંહ જોડાયા હતા.

---

## તાલુકા પોલીસની કામગીરીઃ ટાબરીયાઓ તાળા વગરની સાયકલો ઉઠાવી ખંઢેર જેવી જગ્યાએ છુપાવી દેતાં

# ૪ ટેણીયાઓએ ૧૯ સાયકલોની ચોરી કરી!




રાજકોટ,તા.૧૪

શહેરમાં મિલકત સંબંધી વણઉકેલાયેલા ગુન્હાઓ શોધી કાઢવા અને વાહન ચોરીની પ્રવૃત્તિઓ અટકાવવા માટે મળેલી સૂચનાથી સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હોઈ આ દરમિયાન રાજકોટ તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમને ટેકનિકલ સોર્સ અને ચોક્કસ બાતમી પરથી સાયકલોની ચોરીઓનો ભેદ ખોલ્યો છે. ચાર શંકાસ્પદ સગીરોને નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પરસાણા ચોક પાસે ચાર સાયકલ સાથે ઝડપી પૂછતાછ કરતાં આ ચાર સહિત ઓગણીસ સાયકલો ચોરી કર્યાનું કબુલ્યું હતું.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમિશ્નર રાકેશ દેસાઈ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.જે.ચૌધરી (દક્ષિણ વિભાગ)ના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરમાં મિલકત સંબંધી અનડિટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા, ગુન્હા બનતા અટકાવવા તેમજ વાહન ચોરી અટકાવવા માટે સઘન પેટ્રોલીંગની સૂચના આપવામાં આવેલ હતી.

આ સૂચના અન્વયે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. એસ. આર.મેધાણી સાહેબની સૂચનાથી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. બી.આર.ભરવાડ તથા સ્ટાફના માણસો વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પો.કોન્સ. બળભદ્રસિંહ સુરૂભા જાડેજા, જયપાલસિંહ હરદેવસિંહ સરવૈયા તથા કુલદીપસિંહ લાલુભા જાડેજાને ટેકનિકલ સોર્સીસ અને ચોક્કસ બાતમી મળી હતી કે, ચાર બાળ કિશોરો ચોરી કરેલ સાયકલ સાથે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પરસાણા ચોક પાસે ઉભેલા છે.

> “નવા દોઢસો રિંગ રોડ પરસાણા ચોકમાંથી ચાર સાયકલો સાથે પકડયા બાદ ચોરીઓ કબૂલી”

બાતમીના આધારે પોલીસે પરસાણા ચોક નજીકથી ૪ બાળ-કિશોરોને ૪ સાયકલો સાથે ઝડપી લીધા હતા. તેમની પાસે રહેલી સાયકલો અંગે કોઈ આધાર-પુરાવા કે બીલ ન હોવાથી, પોલીસે યુક્તિ-પ્રયુક્તિથી વધુ પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન આ બાળ-કિશોરોએ કબૂલાત કરી હતી કે તેઓ રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી સાયકલોની ચોરી કરતા હતા. ચોરી કરેલી અન્ય સાયકલો તેમણે અવધના ઢાળ પાસે, વિર સાવરકરના ક્વાર્ટર અંદર પાણીના સંપની બાજુમાં આવેલા એક ખંઢેર જેવા મકાન પાસે સંતાડી રાખી હતી.

પોલીસે બાતમીવાળી જગ્યાએથી અન્ય ૧૫ સાયકલો શોધી કાઢી, કુલ રૂ. ૯૫,૦૦૦ની કિંમતની ૧૯ સાયકલોનો મુદ્દામાલ કલમ ૧૦૬ મુજબ કબજે કર્યો છે. કાયદાના સંઘર્ષમાં આવેલા ચારેય બાળ-કિશોરોના વાલીઓને બોલાવી, યોગ્ય સમજ કરી તેમને સોંપવામાં આવ્યા છે.

આ કામગીરી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. આર.મેધાણી, પોલીસ સબ ઇન્સ્પેક્ટર બી.આર.ભરવાડ, પોલીસ હેડ કોન્સ્ટેબલ, કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઈ ભુંડીયા, અક્ષયભાઈ નાથાણી, પોલીસ કોન્સ્ટેબલ, મુકેશભાઈ ડાંગર, બળભદ્રસિંહ જાડેજા, મયુરસિંહ જાડેજા, ઉગાભાઈ બાળા,જયપાલસિંહ સરવૈયા, કુલદીપસિંહ જાડેજા,નિકુંજભાઈ મારવીયા, ભીખુભાઈ મૈયડ તેમજહોમગાર્ડ પરેશ આહુંદરા, અનિલ સાગઠીય અને પાર્થ દવેએ આ કામગીરી કરી હતી.

---

# શહેર પોલીસની દારૂની ડ્રાઈવઃ વિદેશી દારૂ, વોડકા અને બીયરના જથ્થા સાથે ૬ ઝડપાયા



રાજકોટ,તા.૧૪

શહેરમાં દારૂબંધીના કાયદાનું કડક પાલન કરાવવા માટે અલગ-અલગ પોલીસ સ્ટેશનની ટીમો દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન ઇંગ્લિશ દારૂની બોટલો, પ્રીમિયમ બ્રાન્ડની વોડકા, બીયરના ટીન અને દેશી દારૂના જથ્થા સાથે બુટલેગરો અને નશાખોરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં એરપોર્ટ પોલીસે ગારીડા ગામથી ઝીંઝુડા ગામ જવાના રોડ પર ટાવર પાસેથી વિપુલ ગોબરભાઇ સાણંદીયા (ઉ.વ. ૩૨, રહે. ચોટીલા)ને રૂ. ૩,૦૦૦ની કિંમતના ૧૫ લીટર દેશી દારૂ સાથે પકડી લીધો હતો. થોરાળા પોલીસે આંબાવાડી શેરી નં. ૪, જાહેર રોડ પરથી કંચનબેન વિજયભાઇ જખાણીયા (ઉ.વ. ૪૩) ને રૂ. ૨,૦૦૦ ની કિંમતના ૧૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે રંગેહાથ પકડી પાડી હતી.

જ્યારે આજીડેમ પોલીસે ભોજલરામ ટ્રેડર્સ પાસેથી પરેશભાઇ વિઠ્ઠલભાઇ સંઘાણી (ઉ.વ. ૪૩, રહે. શ્રધ્ધા સોસાયટી)ને બીયરના બે ટીન સાથે ઝડપી લીધો હતો. રાજકોટ તાલુકા પોલીસે વૃંદાવન મેઇન રોડ પરથી સાહીલ સાદીરભાઇ શેખ (ઉ.વ. ૨૦)ને 'ઓલ સીઝન્સ વિસ્કી' ના ૩ ચપલા કિં. રૂ. ૬૦૦ સાથે પકડી પાડ્યો હતો. તાલુકા પોલીસે મવડી બાપા સીતારામ ચોક નજીકથી યશભાઇ નિલેષભાઇ બદીયાણી (ઉ.વ. ૨૫, રહે. સ્કાય હાઇટ્સ)ને રૂ. ૧,૪૯૭ની કિંમતની 'એબ્સોલ્યુટ રાસ્પબેરી વોડકા'ની સીલબંધ બોટલ સાથે ઝડપી લીધો હતો. તેમજ કુવાડવા રોડ પોલીસે રઘુવીર સ્ક્રેપના ડેલા પાસેથી રાહુલભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ. ૨૫) ને 'મિડનાઇટ જામુન વોડકા' ના ૨ ચપલા સાથે ધરપકડ કરી હતી. આ ઉપરાંત કુવાડવા રોડ પોલીસે નવાગામ સાત હનુમાન મંદિર પાસે જાહેર રોડ પર કેફી પ્રવાહી પીધેલી હાલતમાં બકવાસ કરતા અજયભાઇ જેન્તીભાઇ સરલા-કોળી (ઉ.વ. ૨૨) ની અટકાયત કરી હતી. આજીડેમ પોલીસે કોથરીયા સોલવંટ પાસે દિનેશ ચંપાલાલ નગવારે (ઉ.વ. ૪૦)ને એક્ટિવા ત્રજ્ઉ-૦૩-ઇંઇ-૬૬૯૭ પર તથા આજીડેમ ચોકડી પાસે મનસુખભાઇ જેરામભાઇ હાંડા (ઉ.વ. ૩૫) ને ફૂલ નશાની હાલતમાં વાહન ચલાવતા ઝડપી લીધા હતા.

**પીધેલી હાલતમાં વાહન ચલાવતા ચાલકો સામે પણ લાલ આંખ**

### પ્લાન મુજબ એક બાળક ગાર્ડ પાસે પોતાને ઈજા થઇ છે કહી પાટા પિંડી કરાવતો રહ્યો, બીજા સગીરોએ જાળી તોડી નાખી

# ઓબ્ઝર્વેશન હોમમાંથી ૧૧ બાળકો લોખંડની જાળી તોડી ફરાર










## સગીરો બે ગ્રુપ બનાવી ભાગ્યા, ઝડપી લેવા ૧૧ ટીમો કામે લાગી

રાજકોટઃ સગીર વયના કાયદાના સકંજામાં આવેલા બાળકો માટેના આ હોમમાં હાલ કુલ ૫૫ બાળકો રાખવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે નાસી છૂટેલા ૧૧ બાળકો બે ગ્રુપ બનાવી પ્લાન મુજબ ફરાર થયા હતાં. જેમાં છ બાળકો એક ગ્રૂપમાં અને અન્ય ગ્રુપમાં બીજા પાંચ બાળકો હતા. આ ભાગેલા બાળકો પૈકીનો એક પાકિસ્તાની સગીર જાતે જ પરત ફરી આવ્યો હતો, જ્યારે બાકીના ૧૦ બાળકો હજુ પણ ફરાર છે. એ ડિવિઝન પોલીસ સ્ટેશન, એસ.ઓ.જી. પેરોલ ફરલો, એલસીબી, ક્રાઈમ બ્રાંચ સહિતની અલગ અલગ ૧૧ જેટલી ટીમો બનાવી આ તમામ ગુમ બાળકોને શોધી કાઢવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે આ તમામ બાળકોમાંથી મોટા ભાગના બાળકો હજુ રાજકોટમાં હોવાની શક્યતા સાથે બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન તેમજ જે સગીરો રાજકોટના વતની છે તેના ઘરે, સગાના ઘર સહિતના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## પૂર્વ આયોજિત કાવતરાથી તંત્ર સ્તબ્ધઃ પાકિસ્તાની સગીર મળી આવ્યોઃ ૧૦ની શોધખોળ

રાજકોટ,તા.૧૪

શહેરના ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસે આવેલા બાળ સંરક્ષણ ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ) માંથી રવિવારે સવારના સમયે કાયદાના સંઘર્ષમાં આવેલા ૧૧ બાળકો સીસીટીવી કેમેરા અને રૂમની મજબૂત લોખંડની જાળી તોડીને ભાગી જતાં ચકચાર મચી ગઈ છે. નાસી છૂટેલા આ બાળકોમાં એક પાકિસ્તાની નાગરિકતા ધરાવતો કિશોર પણ સામેલ હતો, જો કે તે પરત આવી ચૂક્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર પોલીસ બેડા અને વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. ઘટનાની ગંભીરતાને જોતાં જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. એ ડિવિઝન પીઆઇ જે.વી. વાઢીયા અને ટીમોએ પણ તપાસ શરૂ કરી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે ઘટના અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ૧૮ વર્ષથી ઓછી વયના બાળકોને આ ઓબ્ઝર્વેશન હોમમાં રાખવામાં આવે છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બાળકો પૂરા પ્લાનિંગ સાથે ભાગ્યા છે. આ માટે તેમણે પહેલા ત્રણ રૂમની ઉપર લગાવેલો એક સીસીટીવી કેમેરો તોડી નાખ્યો હતો. આગોતરી યોજના મુજબ, એક બાળકે પોતે ઈજાગ્રસ્ત થયો હોવાનું નાટક કરી વોર્ડનને કહ્યું કે 'મને વાગ્યું છે'. જ્યારે વોર્ડન તે બાળકને પાટાપિંડી કરી રહ્યા હતા, બરાબર તે જ સમયે અન્ય બાળકોએ પૂર્વ આયોજન મુજબ રૂમની મજબૂત લોખંડની જાળી તોડી નાખી હતી અને તકનો લાભ ઉઠાવીને તમામ ૧૧ બાળકો ત્યાંથી નાસી છૂટ્યા હતા.

બાળ સંરક્ષણ ગૃહમાં કુલ ૫૫ બાળકો રાખવામાં આવ્યા હતા, જેમાંથી ૧૧ બાળકો ભાગવામાં સફળ રહ્યા હતા. આ ભાગેલા બાળકોમાં એક પાકિસ્તાની મૂળનો કિશોર પણ હતો, જે થોડા સમય બાદ પરત આવી ગયો છે. જ્યારે બાકીના ૧૦ બાળકો હજુ પણ ગુમ છે, જેમને શોધવા માટે પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને નાકાબંધી સાથે સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે.

તંત્ર દ્વારા ફરાર થયેલા કાયદાના સંઘર્ષવાળા ૧૦ બાળકોને ઝડપી પાડવા માટે અત્યાધુનિક ટેકનોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સનો સંયુક્ત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કલેક્ટરે સ્પષ્ટ કર્યું હતું કે, આ બાળકો મળી આવ્યા બાદ નિયમ મુજબ તેઓને ફરીથી જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે અને આગળની કાયદાકીય પ્રક્રિયા હાથ ધરાશે.

આ ઘટનાએ બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઉભા કર્યા છે. સામાન્ય રીતે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોને ફરી સમાજની મુખ્યધારામાં લાવી શકાય તે માટે સંસ્થાનો સ્ટાફ તેમની સાથે કડકાઈને બદલે ફ્રેન્ડલી-મિત્રતાપૂર્ણ વ્યવહાર કરતો હોય છે. સુરક્ષા માટે અહીં જે ગાર્ડ રાખવામાં આવે છે તેઓ પણ સિવિલ ડ્રેસમાં જ રહે છે. અહીંની સુરક્ષા માટે ત્રણ શિફ્ટમાં બબ્બે ગાર્ડ તૈનાત હોય છે. આમ છતાં, આ પ્રકારે મજબૂત જાળી અને સીસીટીવી કેમેરા તોડીને બાળકો ભાગી જવામાં સફળ રહેતા હવે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવા અંગે વિચારણા થઈ રહી છે.

### ગરમીમાં ઘટાડોઃ ગુજરાતમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ

# ૭ દિવસ રાજ્યમાં વરસાદની આગાહી

### આજથી ચોમાસું સત્તાવાર રીતે ગુજરાતમાં પ્રવેશ કરે તેવી પ્રબળ સંભાવના, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેર થવાના એંધાણ

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમીના જોર વચ્ચે હવે રાજ્યના તાપમાનમાં મામૂલી ઘટાડો નોંધાયો છે, જેનાથી લોકોને આંશિક રાહત મળી છે. આજે સતત બીજા દિવસે ૪૧.૪ ડિગ્રી સાથે ભાવનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે અમદાવાદનું તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. આ બે શહેરોને બાદ કરતા રાજ્યના અન્ય તમામ ભાગોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની નીચે પહોંચી ગયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. હાલ દેશના ઘણા રાજ્યોમાં પ્રી-મોન્સૂન સક્રિય થઈ ચૂક્યું છે અને રાજસ્થાન સહિત ૯ રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે. છત્તીસગઢ બોર્ડર પર ચોમાસુ પહોંચી ગયું છે ત્યારે હવે ગુજરાતમાં પણ પ્રી-મોન્સૂન એક્ટિવિટી એકદમ સક્રિય જોવા મળી રહી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના સત્તાવાર નિવેદન અનુસાર, આવનારા સાત દિવસ ગુજરાતમાં જુદા-જુદા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ થવાની પૂરી સંભાવના છે. ગુજરાતની આસપાસ હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન એમ બે મુખ્ય સિસ્ટમ સક્રિય હોવાથી વરસાદી માહોલ જામશે. સામાન્ય રીતે ગુજરાત પ્રદેશમાં ચોમાસાની શરૂઆતની તારીખ ૧૫ જૂન માનવામાં આવે છે. હાલમાં ચોમાસાનો પ્રવાહ થોડો નબળો છે, પરંતુ મહારાષ્ટ્રના કેટલાક ભાગો સુધી પહોંચેલું ચોમાસું આગામી દિવસોમાં ગુજરાતમાં ૧૫ જૂનની આસપાસ સમયસર પ્રવેશ કરે તેવી પ્રબળ શક્યતા છે. પવનની સ્થિતિ જોતાં હાલમાં રાજ્યના નીચલા સ્તરોમાં દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો ૧૫થી ૨૫ નોટ્સની ઝડપે ફૂંકાઈ રહ્યા છે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

વરસાદની તારીખવાર આગાહી પર નજર કરીએ તો, ૧૪ અને ૧૫ જૂનના રોજ દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા અને દમણ-દીવ તથા દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે આ સમયગાળામાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હવામાન મોટેભાગે સૂકું રહેશે. ત્યારબાદ ૧૬થી ૧૯ જૂન વચ્ચે વરસાદી માહોલ થોડો વધુ વિસ્તરશે અને ઉત્તર ગુજરાતના દાહોદ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં પડવાનું શરૂ થશે. ૧૯ અને ૨૦ જૂન દરમિયાન પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના આ જ વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ યથાવત્ રહેશે, જોકે ઉત્તર ગુજરાતના અન્ય તમામ જિલ્લાઓમાં વાતાવરણ શુષ્ક જ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.





અન્ય ૨૭ સરકારી વિભાગોના કર્મચારીઓને પણ સમાન જવાબદારી વહેંચવા સરકાર સમક્ષ પ્રબળ માંગ

# શિક્ષકોને 'ઓન ડ્યુટી' ગણીને જ કામગીરી સોંપો

ગાંધીનગર, તા.૧૪

રાજ્યમાં આગામી સમયમાં હાથ ધરાનારી વસ્તી ગણતરીની કામગીરીમાં શિક્ષકોને પડતી પારાવાર મુશ્કેલીઓને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. કેટલાક જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીઓ (ઉઊઘ) દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડીને શિક્ષકોને શાળાના સમય બાદ વસ્તી ગણતરીની કામગીરી કરવાનો આદેશ અપાતા શિક્ષક આલમમાં ઉગ્ર નારાજગી જોવા મળી રહી છે. રાજ્યની સરકારી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોમાં આશરે ૫૫ થી ૫૬ ટકા જેટલી સંખ્યા શિક્ષિકાઓની છે. આ મહિલા શિક્ષિકાઓ માટે શાળાના ફરજના કલાકો પૂરા કર્યા બાદ, પોતાના ઘર અને પરિવારની જવાબદારી નિભાવવાની સાથે સાથે મોડી સાંજ સુધી વસ્તી ગણતરીની થકવી નાખનારી કામગીરી કરવી બિલકુલ અશક્ય બની રહી છે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને શૈક્ષિક મહાસંઘે શિક્ષકોને 'ઓન ડ્યુટી' ગણીને શાળાના સમય દરમિયાન જ વસ્તી ગણતરીની કામગીરી કરાવવામાં આવે તેવી પ્રબળ માંગણી સરકાર સમક્ષ મૂકી છે.

વસ્તી ગણતરીની આ રાષ્ટ્રીય કામગીરી સુગમતાથી અને સમયસર પૂર્ણ થાય તે માટે યોગ્ય અને વ્યવહારુ આયોજન કરવા શૈક્ષિક મહાસંઘે અપીલ કરી છે. મહાસંઘે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ રાષ્ટ્રીય કામગીરીનો સંપૂર્ણ બોજ માત્ર શિક્ષકોના માથે જ ઢોળી દેવો ઉચિત નથી. શિક્ષણ સિવાયના અન્ય ૨૭ જેટલા સરકારી વિભાગોમાં કામ કરતા કર્મચારીઓને પણ આ કામગીરી સમાન ધોરણે સોંપવામાં આવે તેવી રજૂઆત ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે. આ અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રચાર મંત્રી રાકેશ ઠાકરે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, સંગઠનના પ્રતિનિધિઓએ વસ્તી નિયામકને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી કે જો ગુજરાત સરકારના તમામ ૨૭ વિભાગોને સરખે ભાગે કામગીરી વહેંચવામાં આવે, તો શિક્ષણ વ્યવસ્થા પર કોઈ મોટો બોજ ન આવે અને બાળકોનું ભણતર પણ ન બગડે. પરંતુ વહીવટી તંત્રના શરૂઆતના પ્લાનિંગમાં શું ખામી રહી ગઈ તે સમજાતું નથી, કારણ કે હાલમાં ૮૦ થી ૯૦ ટકા જેટલી વસ્તી ગણતરીની કામગીરી માત્ર શિક્ષકોને જ સોંપી દેવામાં આવી છે.

શિક્ષકોની વ્યવહારિક મુશ્કેલીઓ વર્ણવતા રાકેશ ઠાકરે વધુમાં ઉમેર્યું હતું કે, અત્યંત ચોંકાવનારી બાબત એ છે કે ઘણા શિક્ષકોની વસ્તી ગણતરીની ડ્યુટી તેમના મૂળ સ્થાન કે શાળાથી ૨૦ થી ૩૦ કિલોમીટર દૂરના વિસ્તારોમાં લગાવવામાં આવી છે. હવે શાળાના ફરજિયાત કલાકો પૂરા કર્યા પછી આટલા દૂરના અંતરે કામગીરી કરવા કઈ રીતે જવું તે શિક્ષકો માટે એક મોટો અને યક્ષ પ્રશ્ન બની ગયો છે. ખાસ કરીને જે બહેનોને આ કામગીરી સોંપવામાં આવી છે તેમને સુરક્ષા અને સમયના અભાવે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, જ્યારે કોઈ શિક્ષક કે શિક્ષિકા વસ્તી ગણતરી માટે લોકોના ઘરે ઘરે પહોંચે છે, ત્યારે ઘણીવાર સ્થાનિક લોકોના આક્રોશ અને અસહકારનો પણ તેમને ભોગ બનવું પડે છે.

આ તમામ વિકટ પરિસ્થિતિઓને જોતા મહાસંઘની સ્પષ્ટ માંગ છે કે શિક્ષકોને ઓન ડ્યુટી ગણીને જ આ કામગીરી કરાવવામાં આવે, જેથી તેઓ કોઈપણ પ્રકારના માનસિક તણાવ કે શારીરિક મુશ્કેલી વિના આ રાષ્ટ્રીય ફરજ અદા કરી શકે.